RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૭ — બુધવાર તા.૦૫-૦૮-૨૦૨૬ — અંક : ૧૮૫ વર્ષ : ૨૧ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# લાલપુરના આરબલુસ ગામે એક કરોડ ઉપરાંતનો ઈંગ્લીશ દારુનો જથ્થો ઝડપાયો

## દારુની નાની-મોટી કુલ ૨૬,૬૦૦ હજાર બોટલ સહિત કુલ રુ. ૧,૩૦,૫૫,૫૪૮નો મુદ્દામાલ કબજે કરાયો : ૭ આરોપીઓ ફરાર : સ્થાનિક પોલીસ સામે ઉઠતાં સવાલો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત સહિત જામનગર જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારીના દાવા વચ્ચે ગણ્યાગાંઠયા દારૂનો જથ્થો પકડાવાનું સામાન્ય બની ગયું છે. પરંતુ જામનગર જિલ્લામાં જાણે દારુબંધી ન હોય તેવું વર્તાઈ રહ્યું છે. છેલ્લા એક માસમાં જામનગર જિલ્લામાંથી લાખો રુપિયાનો દારુ ઝડપાયા બાદ ગઈકાલે લાલપુર તાલુકાના આરાબલુસ ગામે દારૂનો જંગી જથ્થો ભરેલું ગોડાઉન પોલીસના હાથે લાગતા ચકચાર વ્યાપી ગઈ છે. દારૂના કટીંગ વેળાએ જ પોલીસે દરોડો પાડી રૂ. ૧ કરોડ ઉપરાંતનો દારૂનો જથ્થો અને ટ્રેક્ટર, કન્ટેનર સહિત ૧.૩૦ કરોડનો મુદામાલ જપ્ત કર્યો હતો. જો કે દરોડા દરમિયાન તમામ શખ્સો ભાગી છૂટતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના આરબલુસ ગામમાં સ્થાનિક પોલીસનો ઈંગલિશ દારૂ અંગે દરોડો પાડ્યો હતો. આરબલુસ ગામની વગડીયાના છેલ્લા પાસે આવેલ વાડીએ દારૂનો જથ્થો ઉતરતો હોવાની બાતમીના આધારે લાલપુર પોલીસ સ્ટાફ તાબડતોબ દરોડો પાડ્યો હતો. આ દરમિયાન કનકસિંહ ફતેસંગ વાળાની ખેતીની જમીનમાં વાડીએ ગોડાઉન અને ટ્રેકટરની ટ્રોલીમાંથી રૂ. ૬૯,૫૫,૫૪૮ ની કિંમતનો ૯,૦૨૪ બોટલ દારૂ, રૂ. ૩૬,૦૦,૦૦૦ ની કિંમતનાં ૧૮,૦૦૦ ચપલાનો જથ્થો પકડી પાડ્યો હતો. સ્થળ પરથી એક ટ્રેક્ટર રજી.નં.GJ-10-AM-7888, રજી.નબર વગરની ટ્રોલી, કન્ટેનર ટ્રક રજી.નં. NL-01-AK-2940 સહિત કુલ ૧,૩૦,૫૫,૫૪૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી હરદેવસિંહ મંગળસિંહ જાડેજા, ભાવેશભાઇ જેઠાભાઇ પરમાર (રહે બંન્ને. આરબલુસ ગામ તા.લાલપુર), દશરથસિંહ વનરાજસિંહ જાડેજા, ટ્રેકટર રજી.નં.GJ-10-AM-7888નો ચાલક, કન્ટેનર ટ્રક રજી.નં.NL-01-AK-2940નો ચાલક અને સ્થળ ઉપરથી નાસી ગયેલ એક ગ્રે કલરની એક્સ્યુવી કારના ચાલક સહિત ૬ શખ્સો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે એક ટ્રેક્ટર, ટ્રોલી, કન્ટેનર સહિત કુલ રૂ. ૧.૩૦ કરોડનો મુદામાલ જપ્ત કર્યો હતો. જો કે દરોડા દરમિયાન એક પણ આરોપી હાજર ન મળતા તમામને ફરાર જાહેર કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી અને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાતમાં દારુબંધી હોવા છતાં ગુજરાતમાંથી દરરોજ પોલીસ દ્વારા દરોડાઓ પાડી લાખો રુપિયાનો દારુ ઝડપી પાડવામાં આવે છે. તેમ છતાં દારુની બદીને રોકવામાં પોલીસને કેમ સફળતા મળતી નથી? તેવામાં જામનગર જિલ્લાના લાલપુર પંથકમાંથી ગઈકાલે આશરે એકાદ કરોડ રુપિયાનો ઈંગ્લીશ દારુનો જથ્થો પોલીસે ઝડપી પાડયો છે. પરંતુ કોઈ આરોપીઓ પોલીસને હાથ લાગ્યા નહીં. તે પણ એક સવાલ છે. એટલુ જ નહીં પરંતુ લાખો-કરોડોના દારુ ઝડપાતાં હોય ત્યારે જે તે વિસ્તારના પોલીસકર્મી કે અધિકારીઓ સામે પણ પગલાં લેવામાં કેમ નથી આવતાં? તે પણ એક સવાલ છે.

# હોર્મુઝ ખુલવાના સંકેતોથી ક્રૂડ ઓઈલ $૮૦થી નીચે ગબડ્યું

## યુએસ અને ઈરાન વચ્ચે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને ફરીથી ખોલવા અંગે આજે કે કાલે કરાર થઈ શકે છેઃ અમેરિકાનો દાવો




વોશિંગટન,

આંતરરાષ્ટ્રીય ઓઈલ બજારમાં આજે મોટો ધડાકો જોવા મળ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલી તંગદિલી પાછળ કૂટનીતિક હલચલ તેજ થતાં વૈશ્વિક બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૪.૫ ટકા ગબડીને ૭૯.૯૬ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. લાંબા સમય પછી ક્રૂડ ઓઈલનો ભાવ ૮૦ ડોલરની નીચે આવતાં વૈશ્વિક અર્થતંત્રને મોટી રાહત મળી છે. ઓઈલના ભાવમાં આ ઘટાડા પાછળ યુએસ અને ઈરાન વચ્ચે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને ફરીથી ખોલવા માટે સંભવિત કરાર થવાની અટકળો મુખ્ય કારણ માનવામાં આવે છે. આ સાથે ફરી એકવાર ક્રૂડ ઓઈલની કિંમતો ઘટતા પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં રાહત મળે તેવી શક્યતા છે.

અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે સંકેત આપ્યા હતા કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે આ મહત્ત્વપૂર્ણ સમુદ્રી માર્ગ ખોલવા અંગે આજે કે કાલે સત્તાવાર જાહેરાત થઈ શકે છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઓવલ ઓફિસમાંથી દાવો કર્યો હતો કે ઈરાન સાથે વાતચીત "ચાલુ છે" અને આ ઈરાન માટે કરાર કરવાની "છેલ્લી તક" છે.

અમેરિકાના દાવાઓથી વિપરીત ઈરાને આક્રમક વલણ અપનાવ્યું છે. તેહરાને સ્પષ્ટ કર્યું છે કે તેમની અમેરિકા સાથે સીધી કોઈ નવી વાટાઘાટો ચાલી રહી નથી કે આવી કોઈ બેઠકનું આયોજન પણ નહોતું. જોકે, ઈરાન અને ઓમાન વચ્ચે હોર્મુઝની ખાડીમાં એક કામચલાઉ 'શિપિંગ કોરિડોર' બનાવવા અંગે ચર્ચા ચાલુ છે. યુએસ વિદેશ મંત્રી માર્કો રૂબિયોના જણાવ્યા મુજબ, હાલનો પ્રાથમિક હેતુ વેપારી જહાજોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો છે. પરંતુ, ઈરાન દ્વારા જહાજો પર ટોલ કે ટેક્સ (શુલ્ક) વસૂલવાની શરત સામે અમેરિકાએ વિરોધ નોંધાવ્યો હોવાથી હજુ આખરી સંમતિ બની શકી નથી. ઈન્વેસ્ટમેન્ટરોનું માનવું છે કે નજીકના ભવિષ્યમાં બ્રેન્ટ ક્રૂડ ૮૦ થી ૯૦ ડોલર પ્રતિ બેરલની રેન્જમાં ટ્રેડ કરી શકે છે. નિષ્ણાતોના મતે, જો અમેરિકા અને ઈરાન વચ્ચે ઔપચારિક કરાર થઈ જશે તો ઓઈલના ભાવમાં વધુ નરમાઈ જોવા મળશે. પરંતુ જો વાતચીત નિષ્ફળ જશે અથવા પ્રદેશમાં ફરીથી સૈન્ય તણાવ વધશે તો ક્રૂડ ઓઈલનો ભાવ ફરીથી ૯૦ ડોલર તરફ સરકી શકે છે.

# કમ્પ્યુટર હાર્ડવેર માર્કેટમાં મોંઘવારીનો માર પ્રોસેસર ચિપ અને GPUના ભાવ ૩૦% વધ્યા

## સપ્લાય ચેઈન ખોરવાતા અને AI ની માંગ વધતા સુરત સહિત દેશભરની આઈટી માર્કેટમાં કમ્પ્યુટર એસેસરીઝ મોંઘી બની

સુરત,

કમ્પ્યુટર હાર્ડવેર માર્કેટમાં છેલ્લાં કેટલાક સમયથી પ્રોસેસિંગ ચિપ, ગ્રાફિક્સ કાર્ડ (GPU) સહિતની એસેસરીઝનો સપ્લાય ખોરવાતાં ભાવમાં ૩૦ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો છે.

સુરતની આઈટી માર્કેટમાં કમ્પ્યુટર અને લેપટોપમાં વપરાતી પ્રોસેસર ચિપ તેમજ હાઈ-એન્ડ ગ્રાફિક્સ કાર્ડના ભાવમાં સીધો ૩૦ ટકા સુધીનો વધારો થઈ ગયો છે. બીજી તરફ, માર્કેટમાં માંગ સામે સપ્લાય ખૂબ જ ઓછો હોવાથી વેપારીઓ ગ્રાહકોના ઓર્ડર પૂરા કરી શકતા નથી.

ગ્લોબલ માર્કેટમાં સિલિકોનની અછત, ઈમ્પોર્ટ કસ્ટમ્સ ડ્યુટીમાં ફેરફાર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા ડેટા સેન્ટર્સમાં હાઈ-એન્ડ ગ્રાફિક્સ કાર્ડની તીવ્ર માંગના કારણે સ્થાનિક રિટેઈલ બજારમાં ડિમાન્ડ અને સપ્લાય વચ્ચે મોટો ગેપ સર્જાઈ ગયો છે.

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ચિપ અને ગ્રાફિક્સ કાર્ડ બનાવતી ગણતરીની જ કંપનીઓ છે.

# અમદાવાદમાં રિક્ષા ચાલકોની હડતાલ, રિક્ષા અટકાવી મુસાફરોને અધવચ્ચે ઉતારી દેવાયા



અમદાવાદ,તા.૫

ઇંધણના સતત વધી રહેલા ભાવના વિરોધમાં અમદાવાદમાં પ્રગતિ રિક્ષા ચાલક એક્તા યુનિયને આજે ૫ ઑગસ્ટથી બે દિવસીય હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. જો કે, અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન સહિતના મોટા સંગઠનોએ આ હડતાલને સમર્થન ન આપતાં શહેરમાં હડતાલનો મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. એસજી હાઈવે અને ઈસ્કોન સર્કલ જેવા મુખ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં રિક્ષાચાલકો સામાન્ય દિવસોની જેમ જ મુસાફરોને લઈને ફરતા નજરે પડ્યા હતા.

બીજી તરફ, વસ્ત્રાપુર ફાટક સહિતના વિસ્તારોમાં હડતાલને સમર્થન આપનારા રિક્ષાચાલકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને રિક્ષાઓ સાઈડમાં પાર્ક કરીને વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન હડતાલ સફળ બનાવવા પેસેન્જર ભરીને જતી રિક્ષાઓને અધવચ્ચે રોકીને તેમાંથી મુસાફરોને નીચે ઉતારીને ખાલી કરાવવામાં આવી હતી, જેના લીધે રિક્ષાચાલકો વચ્ચે ભારે રકઝકના દ્રશ્યો પણ સર્જાયા હતા.આ હડતાલ અને ખેંચતાણના કારણે નોકરીયાતો, કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ વૃદ્ધ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

# રેપોરેટ 5.25% યથાવત, EMIમાં કોઈ ફેરફાર નહિઃ RBI

## RBIની મોનિટરી પોલિસી કમિટીની ત્રિ-દિવસીય બેઠક બાદ નિર્ણયઃ ગવર્નર સંજય મલ્હોત્રા




મુંબઈ,

ભારતીય રિઝર્વ બેંકે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. તેને ૫.૨૫% પર યથાવત રાખ્યો છે. તેનો અર્થ એ છે કે હાલમાં હોમ, કાર અને પર્સનલ લોન ન તો સસ્તી થશે અને ન તો તેમની EMIમાં કોઈ ફેરફાર આવશે. RBI ની મોનિટરી પોલિસી કમિટી (MPC)ની ત્રણ દિવસ ચાલેલી બેઠક બાદ ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે ૫ ઑગસ્ટે નિર્ણયો અંગે માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ચાલી રહેલી અસ્થિરતા અને તેનાથી વધેલા મોંઘવારીના દબાણને ધ્યાનમાં રાખીને હાલમાં વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. EMIમાં હાલમાં કોઈ ફેરફાર નહીં થાયઃ RBIએ રેપો રેટ ૫.૨૫% પર જ રાખ્યો છે. તેથી જેમની હોમ, કાર કે પર્સનલ લોન રેપો રેટ સાથે જોડાયેલી છે, તેમની EMI કે લોનના વ્યાજ દરમાં હાલમાં કોઈ ફેરફાર થશે નહીં. નવી લોન પણ વર્તમાન વ્યાજ દર પર મળશેઃ બેંકો હાલમાં હોમ, કાર અને પર્સનલ લોનના વ્યાજ દરોમાં તાત્કાલિક કોઈ ફેરફાર કરશે નહીં. નવી લોન પણ વર્તમાન દરો પર જ મળવાની શક્યતા છે.રેપો રેટ સ્થિર રહેવાથી ફિક્સ્ડ ડિપોઝિટના વ્યાજ દરોમાં પણ તાત્કાલિક ફેરફારની અપેક્ષા નથી. જોકે, આખરી નિર્ણય દરેક બેંક પોતાની જરૂરિયાત મુજબ લેતી હોય છે. RBI દ્વારા રેપો રેટમાં ફેરફાર ન કરવાનો અર્થ એ નથી કે તમામ બેંકો પોતાના વ્યાજ દરોમાં બિલકુલ ફેરફાર નહીં કરે. બેંકો તેમના ફંડિંગ ખર્ચ, ડિપોઝિટ અને બજારની સ્થિતિના આધારે સીમિત ફેરફાર કરી શકે છે.

રિઝર્વ બેંકે નવા નાણાકીય વર્ષની બીજી બેઠક જૂનમાં કરી હતી. તેમાં રેપો રેટને ૫.૨૫% પર યથાવત રાખ્યો હતો. જોકે, ૨૦૨૭માં મોંઘવારીના અંદાજને ૪.૬%થી વધારીને ૫.૧% કરવામાં આવ્યો હતો. આ નાણાકીય વર્ષમાં કુલ ૬ બેઠકો યોજાવાની છે, આ આ નાણાકીય વર્ષની ત્રીજી બેઠક છે. પ્રથમ બેઠક એપ્રિલમાં થઈ હતી.

# શૈક્ષણિક સ્વાયત્તતા મળતા જ ગુજરાત યુનિ. દ્વારા યુગાન્ડામાં પ્રથમ ઓફ કેમ્પસ શરૂ કરવાની તૈયારી

## UGC દ્વારા ગ્રેડ-૨ ઓટોનોમી મેળવનારી રાજ્યની પ્રથમ સરકારી યુનિવર્સિટી બની

ગાંધીનગર,

ગુજરાત યુનિવર્સિટી માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ગર્વની ક્ષણ સામે આવી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા ગુજરાત યુનિવર્સિટીને ગ્રેડ-૨ ઓટોનોમીનો દરજ્જો સત્તાવાર રીતે આપવામાં આવ્યો છે. આ સિદ્ધિ સાથે ગુજરાત યુનિવર્સિટી આ પ્રકારે ઓટોનોમી મેળવનારી રાજ્યની પ્રથમ સરકારી યુનિવર્સિટી બની ગઈ છે. જે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક મોટો અને ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થશે. આ દરજ્જો મળવાથી સંસ્થાની શૈક્ષણિક અને પ્રશાસનિક ક્ષમતામાં વધુ વધારો થશે.

શૈક્ષણિક સ્વાયત્તતા મળવાની સાથે જ યુનિવર્સિટી દ્વારા રાજ્ય બહાર જ નહીં પરંતુ દેશ બહાર પણ પોતાનું પ્રથમ ઓફ કેમ્પસ સ્થાપવાની ભગીરથ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આફ્રિકાના દેશ યુગાન્ડામાં ગુજરાત યુનિવર્સિટીનું નવું કેમ્પસ શરૂ કરવા માટેની પ્રક્રિયા અગાઉ શરૂ કરાઈ હતી. જેને કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ દ્વારા પણ સત્તાવાર મંજૂરી આપવામાં આવી ચૂકી છે. હવે માત્ર સિક્યુરિટી ડિપોઝિટ અને અન્ય કેટલીક નાની પ્રક્રિયાઓ જ બાકી રહી છે.

ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ રહી ચૂકેલા ડૉ. નિરાજા ગુપ્તા દ્વારા આ ઓટોનોમી માટે ખાસ દરખાસ્ત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા હવે યુનિવર્સિટી પોતાના સ્તરે મોટા અને સ્વતંત્ર નિર્ણયો લઈ શકશે. આ દરજ્જો મળવાથી યુનિ. હવે પોતાના અદ્યતન સ્કિલ કોર્સીસ શરૂ કરી શકશે તેમજ વિદેશી ફેકલ્ટીની પણ નિમણૂક કરી શકશે. આ ઉપરાંત, ઓફ કેમ્પસથી માંડીને પોતાના શૈક્ષણિક પ્રોગ્રામ્સ પણ હવે સંપૂર્ણ સ્વાયત્તતા સાથે શરૂ કરી શકાશે.

# મહારાષ્ટ્રમાં પરીક્ષામાં ગેરરીતિના કેસ ડામવા વધુ ૨૩ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના

## કુલ ૨૫ ફાસ્ટ ટ્રેક કોર્ટ થઈઃ નવા કાયદા પ્રમાણે ૩ મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરાશે




મુંબઈ,

મહારાષ્ટ્રમાં પરીક્ષા ગેરરીતીના કેસો ચલાવવા માટે વધુ ૨૩ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે. આથી હવે કુલ ૨૫ થઇ છે. કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગેએ ગત પહેલી ઓગસ્ટે જાહેર પરીક્ષા અધિનિયમ, ૨૦૨૪, ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઈઓ અને મહારાષ્ટ્ર યુનિવસટી, બોર્ડ અને અન્ય ચોક્કસ પરીક્ષા અધિનિયમ, ૧૯૮૨ માં ગેરરીતિઓ નિવારણ હેઠળ ટ્રાયલ ચલાવવા માટે ઘણા જિલ્લાઓમાં ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરી હતી.

નવી નિયુક્ત અદાલતો બીડ, ચંદ્રપુર, ધુળે, ગઢચિરોલી, ગોંદિયા, જલગાંવ, જાલના, કોલ્હાપુર, નાસિક, ઉસ્માનાબાદ, પરભણી, પુણે અને સાંગલીમાં રચાઈ છે. સતારા, સોલાપુર, થાણે, વર્ધા, યવતમાળ, વાશિમ અને નંદુરબારમાં પણ આવી જ અદાલતો સ્થાપિત કરવામાં આવી છે. મુંબઈમાં, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાંથી એક-એક ન્યાયાધીશને આવા કેસોની વિશેષ સુનાવણી માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઔરંગાબાદ અને નાગપુરમાં બે ખાસ ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપવાના હાઈકોર્ટના ૨૪ જુલાઈના આદેશ બાદ આ કાર્વાહી કરવામાં આવી છે. ઔરંગાબાદ ખાતે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.વી. પવાર અને નાગપુર ખાતે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ગુલશન આર. કોલ્ટેને ૨૦૨૪ એક્ટ, ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ મેપ્રેક્ટિસ એક્ટ હેઠળ ગુનાઓની સુનાવણી માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

# ગુજરાત સરકારની આદિવાસીઓને 'સંજીવની' ભેટ : આદિજાતિ દર્દીઓને ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ અને રોબોટીક સર્જરી માટે વિશેષ યોજના

## મા-આયુષ્માન કાર્ડની મર્યાદા ઉપરાંતનો ખર્ચ રાજ્ય સરકાર ઉપાડશે : અનુસૂચિત જનજાતિના લોકોને મળશે પ્રાણઘાતક બીમારીઓ સામે સુરક્ષા કવચ



ગાંધીનગર,
ગુજરાત સરકારે રાજ્યના આદિવાસી (અનુસૂચિત જનજાતિ) સમુદાયના ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓ માટે એક અત્યંત સંવેદનશીલ અને કલ્યાણકારી નિર્ણય કર્યો છે. નાણાકીય મોરચે નબળી સ્થિતિ ધરાવતા આદિવાસી પરિવારોના દર્દીઓ મોંઘી અને આધુનિક તબીબી સારવારથી વંચિત ન રહી જાય; તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭થી એક નવી યોજના જાહેર કરી છે અને તેના માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારના આ નિર્ણયથી હજારો એવા આદિજાતિ પરિવારનો આરોગ્ય સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તથા રાજ્ય મંત્રી શ્રી પી. સી. બરંડાના નેતૃત્વ હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આ આ નવી યોજનાને વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે.

આ યોજના શું છે ?

આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ મુજબ રાજ્ય સરકારે આદિજાતિ પરિવારો માટે સંજીવની સમાન આ યોજનાનું નામ 'રાજ્યના અનુસૂચિત જનજાતિ સમુદાયના દર્દીઓને કીડની, લીવર, હૃદય અને પેનક્રિયાઝ વગેરેનાં અંગ પ્રત્યારોપણ (ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ) કરવા માટે તેમજ તે માટે રોબોટીક શસ્ત્રક્રિયા સહિતના ઑપરેશનો માટે સહાય આપવા માટેની યોજના' છે. આ યોજનામાં દર્શાવાયેલા જટિલ અંગોના પ્રત્યારોપણ (ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટ) તેમજ ગંભીર રોગોમાં અત્યાધુનિક રોબોટીક શસ્ત્રક્રિયા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

# રાજ્ય સરકારે ગુજરાતની ગ્રાન્ટેડ શાળાઓમાં ૪૦૦૦ ક્લાર્કની ભરતીને મંજૂરી આપી

## શાળા સંચાલકો હવે સ્થાનિક સ્તરે ક્લાર્કની ભરતી પ્રક્રિયા હાથ ધરી શકશે

ગાંધીનગર,
ગુજરાત સરકારે શિક્ષકોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યની નોન-ગવર્નમેન્ટ ગ્રાન્ટેડ (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ગુજરાત સરકાર દ્વારા એક અત્યંત મહત્વનો અને રાહત આપનારો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં લાંબા સમયથી ખાલી પડેલી અંદાજિત ૪૦૦૦ જેટલી ક્લાર્કની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આ નિર્ણય મુજબ રાજ્યના શાળા સંચાલકો હવે પોતાના સ્તરે જ આ ક્લાર્કની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી શકશે. અગાઉ જે પદ્ધતિથી ભરતી કરવામાં આવતી હતી, તે જ જૂની અને પ્રચલિત પદ્ધતિ અનુસાર નિયમોનું પાલન કરીને આ ભરતી કરવાની રહેશે.

શાળાઓમાં બિન-શૈક્ષણિક કામગીરીનું ભારણ ઘટે અને વહીવટી કાર્ય ઝડપી બને તે માટે મુખ્યમંત્રીએ આ ભરતી પ્રક્રિયા શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યા છે. સરકારના આ નિર્ણયથી સમગ્ર રાજ્યના શિક્ષણ જગત, શાળા સંચાલક મંડળ અને શિક્ષક સંઘોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ક્લાર્કની જગ્યાઓ ખાલી હોવાના કારણે ઘણા સમયથી શિક્ષકોને ભણાવવાની સાથે સાથે શાળાના વહીવટી અને ક્લેરિકલ કામો પણ કરવા પડતા હતા. નવી ભરતીથી શિક્ષકોને મોટી રાહત મળશે અને તેઓ પૂર્ણપણે શૈક્ષણિક કાર્ય પર ધ્યાન આપી શકશે. સંચાલકોને યોગ્ય કર્મચારીઓની ભરતી કરવાની સત્તા મળતાં શાળાઓનું દૈનિક વહીવટી કામકાજ વધુ સુચારુ અને ઝડપી બનશે.

# ભરૂચમાં કુદરતનો ડબલ કહેર, ૨૦૦ એકર જમીન નદીમાં સમાઈ, ઉભા પાકનો વિનાશ

## ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદ અને કાવેરી નદીના વહેણે ખેડૂતો માટે મોટી મુશ્કેલી સર્જી

ભરૂચ,
ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદ અને કાવેરી નદીના ઉગ્ર વહેણે ખેડૂતો માટે મોટી મુશ્કેલી ઊભી કરી છે. ઝઘડિયા તાલુકાના રાણીપુરા ગામ સહિત નદીકાંઠાના વિસ્તારોમાં આશરે ૨૦૦ એકરથી વધુ ખેતીની જમીન ધોવાઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. અનેક ખેડૂતોના ઉભા પાક સાથે જમીન પણ નદીમાં સમાઈ જતાં ભારે આર્થિક નુકસાન થયું છે.


ભારે વરસાદ બાદ કાવેરી નદીમાં આવેલા પૂરના કારણે રાણીપુરા વિસ્તારમાં ભારે ધોવાણ સર્જાયું છે. ગુમાનદેવ–ઉચેડિયા ખાડીના જોરદાર પ્રવાહે ખેતરોનો મોટો ભાગ તોડી નાંખ્યો છે. જ્યાં થોડા દિવસ પહેલાં લીલાછમ પાક દેખાતો હતો ત્યાં હવે જમીનનો અસ્તિત્વ જ જોવા મળતો નથી. ડ્રોન સર્વેમાં પણ ધોવાણનું ગંભીર ચિત્ર સામે આવ્યું છે.

આ દુર્ઘટનામાં કેળા, કપાસ અને લીલા શાકભાજી જેવા રોકડ પાકને ભારે નુકસાન થયું છે. ઘણા ખેડૂતોની ૧૫થી ૨૦ વીંઘા જેટલી જમીન પણ નદીના વહેણમાં ધોવાઈ ગઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જમીનની સરહદો પણ ઓળખવી મુશ્કેલ બનતા ખેડૂતો માટે પરિસ્થિતિ વધુ ચિંતાજનક બની છે.

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ તેમણે દેવું કરીને વાવેતર કર્યું હતું, પરંતુ હવે પાકની સાથે જમીન પણ ગુમાવવાનો વારો આવ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી કાવેરી નદીના ધોવાણની સમસ્યા યથાવત હોવા છતાં કાયમી ઉકેલ ન મળતા ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસનને મળી નવી દિશા: નર્મદા નદીમાં ૬૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી ક્રૂઝ લોન્ચિંગ

## તમામ જરૂરી પૂર્વ મંજૂરી બાદ ટૂંક સમયમાં શરૂ કરાશે સેવા, પર્યટન અને વિવિધ આયોજનોને મળશે નવી ગતિ



એકતા નગર (નર્મદા),
વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષક સુવિધાનો ઉમેરો થયો છે. નર્મદા નદીમાં ૬૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક અને ભવ્ય ક્રૂઝનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ નવી ક્રૂઝ તમામ જરૂરી સુરક્ષા ધોરણોનું પાલન કરીને તેમજ સંબંધિત વિભાગોની જરૂરી પૂર્વ મંજૂરી પ્રાપ્ત કર્યા બાદ પ્રવાસીઓની સેવામાં ઉપલબ્ધ કરાવાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અગાઉથી ૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી ક્રૂઝ સફળતાપૂર્વક સંચાલિત થઈ રહી છે, જેને પ્રવાસીઓ તરફથી અત્યંત સારો પ્રતિસાદ મળ્યો છે. નર્મદા નદીમાં ક્રૂઝ પ્રવાસ દરમિયાન કુદરતી સૌંદર્ય સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના રમણીય દૃશ્યો નિહાળવાનો અનોખો અનુભવ પ્રવાસીઓ માટે યાદગાર બન્યો છે. પ્રવાસીઓની સતત વધતી સંખ્યા અને માંગને ધ્યાનમાં રાખીને હવે વધુ વિશાળ, આધુનિક અને બહુમુખી સુવિધાઓ ધરાવતી નવી ક્રૂઝ સેવા લોન્ચ કરવામાં આવી છે. નવી ક્રૂઝ માત્ર નદીમાં પ્રવાસ માટે જ નહીં પરંતુ વિવિધ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક અને કોર્પોરેટ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને વિશેષ રીતે ડિઝાઈન કરવામાં આવી છે. આ ક્રૂઝ પર જન્મદિવસની ઉજવણી, કોર્પોરેટ ઈવેન્ટ્સ, સંગીત સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ખાનગી સમારંભો તેમજ અન્ય વિશેષ ઉજવણીઓનું આયોજન કરી શકાશે.

# અમદાવાદના ખાડિયામાં ગટર-પાણીના કામો ન થતાં કોંગ્રેસના કાર્યકર્તાઓનો હોબાળો

## કાર્યકર્તાઓએ ખાડિયા મસ્ટર ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું



અમદાવાદ,
અમદાવાદના જમાલપુર-ખાડિયા વિધાનસભા વિસ્તારમાં ગટર અને પાણીની સમસ્યાને લઈને કોંગ્રેસના કાર્યકર્તાઓએ ખાડિયા મસ્ટર ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના મતવિસ્તારમાં વિકાસના કામો સમયસર ન થતા હોવાનો આક્ષેપ કરતા કાર્યકર્તાઓએ કોર્પોરેશનના અધિકારીઓ સામે નારેબાજી કરી હતી. કાર્યકર્તાઓનો આરોપ છે કે વિસ્તારના અનેક સ્થળોએ ગટર અને પાણી સંબંધિત સમસ્યાઓ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય કામગીરી કરવામાં આવી નથી. એટલું જ નહીં, કામ પૂર્ણ થયા વિના જ કોન્ટ્રાક્ટરોના બિલો પાસ કરવામાં આવતા હોવાના પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, ખાડિયા વિસ્તારમાં ગટર અને પીવાના પાણીની સમસ્યાને લઈને સ્થાનિક રહિશોએ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને અનેક રજૂઆતો કરી હતી.

# ધોળકાના બદરખામાં ૧૫ દિવસથી પાણી યથાવત ૧૭ પરિવારોનો ઘર છોડીને શાળામાં આશરો

## ગામના મુખ્ય વિસ્તારો હજુ પણ પાણીમાં ગરકાવ હોવાથી જનજીવન ખોરવાયું

અમદાવાદ,
અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના બદરખા ગામમાં તંત્રની અણઆવડત અને બેદરકારીનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી ગામમાં વરસાદી પાણી ભરાયેલા હોવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. ગામના મુખ્ય વિસ્તારો હજુ પણ પાણીમાં ગરકાવ હોવાથી લોકોનું દૈનિક જીવન સંપૂર્ણપણે પ્રભાવિત થયું છે. સતત પાણી ભરાયેલા રહેવાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને તેઓ તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવી રહ્યા છે.

ગામમાં ગ્રામપંચાયત કચેરી, સરકારી હોસ્પિટલ, ડેરી તેમજ પ્રાથમિક શાળા સહિતના મુખ્ય વિસ્તારોમાં કમર સુધી વરસાદી પાણી ભરાયેલા છે. રસ્તાઓ પર પાણી જ પાણી હોવાથી લોકો માટે ઘર બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. વિદ્યાર્થીઓ, દર્દીઓ, વૃદ્ધો અને મહિલાઓને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી પાણી ભરાયેલા હોવા છતાં અસરકારક ડ્રેનેજ અથવા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.

ભારે વરસાદ અને લાંબા સમય સુધી પાણી ભરાયેલા રહેવાને કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી ગયું છે. જેના કારણે ઘરવખરી સંપૂર્ણપણે પલળી ગઈ છે અને લોકોની રોજિંદી જરૂરિયાતની વસ્તુઓને પણ નુકસાન પહોંચ્યું છે. અનેક ઘરોમાં રહેવું અશક્ય બની જતાં ૧૭ પરિવારો પોતાના ઘર છોડીને ગામની પ્રાથમિક શાળામાં આશ્રય લેવા મજબૂર બન્યા છે. સુરક્ષિત સ્થળે પહોંચ્યા બાદ પણ આ પરિવારોને પૂરતી સુવિધાઓ મળી રહી નથી.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર શાળામાં આશ્રય આપવામાં આવ્યો છે, પરંતુ અસરગ્રસ્ત પરિવારો માટે ભોજન, પીવાનું પાણી અને રાશનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિવારોને પોતાના સ્તરે જ ભોજન અને અન્ય જરૂરિયાતો પૂરી કરવાની ફરજ પડી રહી છે. નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને ખાસ કરીને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# તારી પત્ની ભાગી ગઈ કહી ટિપ્પણીઓ કરતાં મિત્રની નિર્દયતાથી હત્યા કરવામાં આવી

## સુરત ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં હત્યા કરનાર બે આરોપીઓની ધરપકડ કરી

સુરત,
સુરતના પાંડેસરા વિસ્તારમાં બનેલી હત્યાની ગંભીર ઘટનાનો ભેદ સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં ઉકેલી બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ પત્ની અંગે મશ્કરી અને અભદ્ર ટિપ્પણીને લઈને થયેલા ઝઘડામાં મિત્રની નિર્દયતાથી હત્યા કરી હોવાનો ખુલાસો પોલીસ તપાસમાં થયો છે.

પાંડેસરા ગંગાબા ફાર્મ નજીક ઈચ્છાપૂર્તિ મહાદેવ ધામ સામે મન્ટુ રામબિલાશ ઠાકુરની માથા અને ચહેરાના ભાગે લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કરીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે મૃતકના મિત્ર રાજેન્દ્ર યાદવે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી. ખાનગી બાતમી અને ટેક્નિકલ માહિતીના આધારે પોલીસે વિજય બહાદુર શ્રીવાસ અને બ્રીજેશ કહાર સુધી પહોંચ મેળવી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓ પાંડેસરા વિસ્તારમાં મજૂરી કામ કરતા હોવાનું પણ સામે આવ્યું છે.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું હતું કે, પત્ની અંગે મશ્કરી અને અપમાનજનક ટિપ્પણીને લઈને મૃતક સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બાદમાં બંને આરોપીઓ મન્ટુને એકાંત સ્થળે લઈ ગયા હતા, જ્યાં લોખંડના પાઈપ વડે માથા અને ચહેરા પર હુમલો કરતા તેનું મોત નીપજ્યું હતું.

# સિદ્ધપુરમાં ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટ્યો, રૂ. ૨૦૦ની લાંચ લેતા વીસીઈ ઝડપાયો !

## આકારણી પત્રક કાઢી આપવાના બદલામાં મેહુલ પટેલે લાંચ સ્વીકારી હતી



પાટણ,
પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના બિલીયા ગામમાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો એ મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રાઈઝ મેહુલ પટેલને આકારણી પત્રક અને જમીનના દસ્તાવેજોની કામગીરી માટે રૂ.૨૦૦ની લાંચ સ્વીકારતા એસીબીની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી બાદ પંચાયત તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક માહિતી મુજબ, બિલીયા ગ્રામ પંચાયતમાં અરજદારો પાસેથી આવકના દાખલા, જમીનની આકારણી, ૭/૧૨ અને ૮-અના ઉતારા જેવી સરકારી સેવાઓ માટે નિયમિત ફી ઉપરાંત વધારાની રકમ માંગવામાં આવતી હોવાના આક્ષેપો હતા. ફરિયાદ મુજબ, અરજદારો પાસેથી રૂ.૫૦થી લઈને રૂ.૧૦૦૦ સુધીની ગેરકાયદે વસૂલાત કરવામાં આવતી હતી.

આ પ્રકારની માંગણીથી કંટાળેલા એક અરજદારે સમગ્ર મામલે એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો હતો. ફરિયાદની પ્રાથમિક ચકાસણી બાદ છટકું ગોઠવવા ટીમે બિલીયા ગ્રામ પંચાયત ખાતે ટ્રેપ ગોઠવી હતી. આયોજન મુજબ, આકારણી પત્રક કાઢી આપવાના બદલામાં મેહુલ પટેલે રૂ.૨૦૦ની લાંચ સ્વીકારી હતી.લાંચની રકમ હાથમાં લેતા જ પહેલેથી જ હાજર એસીબીની ટીમે મેહુલ પટેલને સ્થળ પર જ રંગેહાથ ઝડપી લીધો હતો. ત્યારબાદ આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# ગૂગલ મેપની મદદથી મંદિરો શોધી ત્યાં ચોરી કરતી ગેંગના ત્રણ તસ્કરોની ધરપકડ

## પોલીસે રાજસ્થાનના પિંડવાડાના દુર્ગમ વિસ્તારોમાંથી ફિલ્મી સ્ટાઈલમાં કાર્યવાહી કરીને ગેંગના મુખ્ય સભ્યોને ઝડપી લીધા




મહેસાણા,
ટેકનોલોજીનો ઉપયોગ હવે ગુનાખોરીમાં પણ થવા લાગ્યો છે. મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે એવી તસ્કર ગેંગને ઝડપી પાડી છે, જે ગૂગલ મેપની મદદથી મંદિરો શોધી ત્યાં ચોરી કરતી હતી. પોલીસે રાજસ્થાનના પિંડવાડાના દુર્ગમ વિસ્તારોમાંથી ફિલ્મી સ્ટાઈલમાં કાર્યવાહી કરીને ગેંગના ત્રણ મુખ્ય સભ્યોને ઝડપી લીધા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, રાજસ્થાનના પિંડવાડા વિસ્તારમાં રહેતા આ આરોપીઓ મૂળ મૂર્તિ બનાવવાનું કામ કરતા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં મંદિરોમાં મૂર્તિ બનાવવાની કામગીરી માટે આવતા હતા. આ દરમિયાન તેમણે મંદિરોની સુરક્ષા વ્યવસ્થા અને કિંમતી વસ્તુઓ અંગે માહિતી એકઠી કરવાનું શરૂ કર્યું હતું. આ ગેંગના સભ્યો ગૂગલ મેપ પર નાના-મોટા મંદિરો શોધતા હતા. ત્યારબાદ મંદિરના ફોટા અને અન્ય વિગતોના આધારે મૂર્તિઓ પર રહેલા સોના-ચાંદીના આભૂષણોનો અંદાજ લગાવતા હતા. પછી મૂર્તિ બનાવવાની કે સમારકામ કરવાની વાત કરીને મંદિરની મુલાકાત લેતા અને તક મળતાં ચોરીને અંજામ આપતા હતા.

# સુરતમાં ખાડીપૂર નિવારણ માટે મનપાના આયોજન પર ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ સવાલો ઉઠાવ્યા

## ચીકુવાડી વિસ્તારમાંથી ખાડીનું પાણી વર્ષોથી તાપી નદીમાં જ છોડવામાં આવતું હોવાનો કર્યો આક્ષેપ

સુરત,
સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ખાડીપૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે ૧૮૮ કિલોમીટર વિસ્તારમાં ડીજીપીએસ અને ડ્રોન સર્વે સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાથે જ વરાછા ખાડીનું પાણી તાપી નદીમાં ડાયવર્ટ કરવા માટેના આયોજન પર પણ કામ ચાલી રહ્યું છે. જોકે, આ સમગ્ર આયોજન પર ભાજપના વરાછા ધારાસભ્ય કિશોર કાનાણીએ જ ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

કિશોર કાનાણીએ જણાવ્યું કે ચીકુવાડી વિસ્તારમાંથી ખાડીનું પાણી વર્ષોથી તાપી નદીમાં જ છોડવામાં આવે છે. તેથી તેને નવું આયોજન તરીકે રજૂ કરવું યોગ્ય નથી. તેમના કહેવા મુજબ માત્ર એક સ્થળે પાણી ડાયવર્ટ કરવાથી શહેરમાં પૂર જેવી સ્થિતિનો કાયમી ઉકેલ આવી શકશે નહીં. તેમણે સમગ્ર ડ્રેનેજ અને ખાડી વ્યવસ્થાનું વૈજ્ઞાનિક આયોજન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.


ધારાસભ્યએ જણાવ્યું કે ગયા વર્ષે ખાડીપૂરની સમસ્યા બાદ મહાનગરપાલિકાએ વિશેષ સમિતિ બનાવી હતી અને આશરે ૪૦ કરોડ રૂપિયાનું ફંડ પણ ફાળવ્યું હતું. તેમ છતાં સમયસર કોઈ અસરકારક કામગીરી થઈ નહીં. જો તે સમયે સર્વે, ડ્રેજિંગ અને જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા હોત તો આ વર્ષે અનેક વિસ્તારોને રાહત મળી શકી હોત.

કાનાણીએ જણાવ્યું કે વર્ષો દરમિયાન ખાડીઓમાં કાંપ ભરાવા, દબાણો અને ગેરકાયદે બાંધકામોના કારણે તેમની ઊંડાઈ અને પહોળાઈમાં મોટો ફેરફાર આવ્યો છે. આવી સ્થિતિમાં વર્ષો જૂના ડેન્જર લેવલના આધારે આયોજન કરવાથી સમસ્યાનો ઉકેલ આવતો નથી. ઘણા વિસ્તારોમાં ખાડી જોખમી સપાટીએ પહોંચે તે પહેલાં જ પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જાય છે.

ધારાસભ્યએ ખાડી કિનારે થયેલા ગેરકાયદે બાંધકામો અને સમયસર ડ્રેજિંગ ન થવા માટે સીધો વહીવટી તંત્રને જવાબદાર ઠેરવ્યો. તેમણે જણાવ્યું કે જો ખાડીઓ પર દબાણો વધ્યા હોય અને પાણીના કુદરતી વહેણમાં અવરોધ ઊભા થયા હોય તો તેની જવાબદારી સંબંધિત તંત્રની બને છે. કિશોર કાનાણીએ અંતમાં કહ્યું કે સમિતિઓની રચના, સર્વે અથવા ફંડ જાહેર કરવાથી જ સમસ્યા હલ થતી નથી. ખાડીઓનું તાત્કાલિક ડ્રેજિંગ, દબાણો દૂર કરવી અને વરસાદી પાણીના કુદરતી વહેણને સુચારુ બનાવવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તો જ સુરતને ખાડીપૂરની સમસ્યામાંથી વાસ્તવિક રાહત મળી શકે છે.

# જામનગર ખાતે વિવિધ વિભાગોની સમીક્ષા યોજાઈ બેઠક







જામનગર : રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને જામનગર ખાતે તેમના હસ્તકના વિવિધ વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લામાં ચાલતી કલ્યાણકારી યોજનાઓ, શ્રમિકોના હિતાર્થે હાથ ધરાયેલા કાર્યો અને ગ્રામીણ વિકાસની કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન મંત્રીએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), વીબી-જી રામ જી યોજના, કેશ ક્રેડિટ લોન, 'લખપતિ દીદી' પહેલ, ગ્રામ હાટ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના તથા સ્વચ્છ ભારત મિશન સહિતની વિવિધ યોજનાઓની પ્રગતિનો ચિતાર મેળવ્યો હતો. આ અંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી શારદા કાથડે મંત્રીને વિસ્તૃત વિગતો પૂરી પાડી હતી.

રોજગાર ક્ષેત્રની કામગીરીની સમીક્ષા કરતા જિલ્લા રોજગાર અધિકારી સરોજબેન સાંડપાએ ઉમેદવારોની નામ નોંધણી, કારકિર્દી માર્ગદર્શન, ભરતી મેળાના આયોજન, સ્વ-રોજગારી સેમિનાર, વિદેશ રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અનુબંધમ પોર્ટલ પર નોંધાયેલા એકમો તથા સ્થાનિક તાલીમ વર્ગોની માહિતી રજૂ કરી હતી, જેના પર મંત્રીએ જરૂરી માર્ગદર્શક સૂચનો આપ્યા હતા.

આ ઉપરાંત, મદદનીશ શ્રમ આયુક્તની કચેરીની કામગીરી અંતર્ગત શ્રમિકોને કરાયેલા ચૂકવણાં, બોનસ, ગ્રેચ્યુઈટી, અસંગઠિત શ્રમયોગીઓ માટેની યોજનાઓ તથા કચેરીના મહેકમની સમીક્ષા કરવામાં આવી હતી. જ્યારે નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા જિલ્લામાં નોંધાયેલા કારખાનાઓ, જોખમી એકમો, ઔદ્યોગિક અકસ્માત નિવારણના પગલાં, વર્ષ ૨૦૨૬ માં યોજાયેલ ઓફ-સાઈટ ઈમરજન્સી મોકડ્રિલ તથા બાંધકામ શ્રમયોગી અધિનિયમ હેઠળની કામગીરીની વિગતો મંત્રી સમક્ષ રજૂ કરાઈ હતી.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ ચાલતી કલ્યાણકારી યોજનાઓ જેવી કે ઈ-નિર્માણ કાર્ડ, ધન્વંતરી આરોગ્ય રથ, પ્રસૂતિ સહાય, મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ, શિક્ષણ સહાય, અકસ્માત મૃત્યુ સહાય, અંત્યેષ્ઠી સહાય, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના અને શ્રમિક અન્નપૂર્ણા યોજનાની વિગતવાર સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકના અંતે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઉપસ્થિત તમામ અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપતા જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓનો વાસ્તવિક હેતુ ત્યારે જ સાર્થક થાય જ્યારે તેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે. આથી, દરેક જરૂરિયાતમંદ લાભાર્થીને કોઈપણ જાતની વિલંબ વગર સમયમર્યાદામાં તમામ યોજનાકીય લાભો મળી રહે તે રીતે કામગીરી હાથ ધરવી જરૂરી છે.

# જામનગરની પરિણીતા પર રાજકોટ રહેતા પતિ સહિતના સાસરીયાનો ત્રાસ

## લગ્ન પહેલાં મહત્વની માહિતી છુપાવી, સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતા પોલીસ ફરિયાદ

જામનગર : જામનગર શહેરના રણજીતનગર વિસ્તારની વતની અને હાલ પિયરમાં રહેતી રીનાબેન હસમુખભાઈ અઘેડાએ પોતાના પતિ રવિ ચંપકભાઈ ભટ્ટી, સસરા ચંપકભાઈ ભટ્ટી, કાકાજી સસરા દિનેશભાઈ શાંતિલાલ ભટ્ટી, નણંદ ડોલીબેન તથા નણંદોયા ઉદયભાઈ નારણભાઈ વાણંદ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા. ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ જામનગર ખાતે કોર્ટ મેરેજ થયા બાદ તે રાજકોટ ખાતે પતિ સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી. લગ્ન બાદ થોડા સમયથી જ પતિ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી ગાળો આપતા, શંકા-કુશંકા રાખતા અને લગ્ન પહેલાં પોતાના પ્રથમ લગ્નથી એક પુત્ર હોવાનું તેમજ અન્ય મહત્વની વિગતો છુપાવી હતી. ઉપરાંત ઘરખર્ચ માટે પૂરતા પૈસા ન આપતા હોય તેમજ સસરા ઘરની બહાર જવા બાબતે રોકટોક કરતા, કાકાજી સસરા ઘરના મામલામાં દખલગીરી કરી ચડામણી કરતા, જ્યારે નણંદ અને નણંદોયા પણ પતિને ઉશ્કેરી ઝઘડા કરાવતા અને ઘરકામ જેવી બાબતોમાં ત્રાસ આપતા હતા.

સતત શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસને કારણે રીનાબે દસ મહિના પહેલાં પિયર જામનગર આવી ગઈ હતી. ત્યારબાદ મહિલા પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિક્ષકને અરજી કરીને સમાધાન અને કાઉન્સેલિંગના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કોઈ સમાધાન ન થતાં આખરે રીનાબેને સાસરીયાઓ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતા હેઠળ સંબંધિત કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં દારૂના નશામાં ઘરમાં તોફાન કરતા પિતા સામે પુત્રની પોલીસ ફરિયાદ

જામનગર : જામનગર શહેરના એચપી પંપવાળી શેરી વિસ્તારમાં દારૂના નશામાં ઘરમાં આવી પત્ની સાથે ઝગડો કરનાર પિતા સામે તેના જ પુત્રએ પોલીસને બોલાવી પકડાવી દીધાનો બનાવ સામે આવ્યો છે. હતી.

શહેરના શુભાસબ્રિજ પાસે એચપી પંપવાળી શેરીમાં રહેતા અને મજૂરીકામ કરતા યુવકને તેના મિત્રનો ફોન આવ્યો હતો કે તેના પિતા હરીશભાઈ લખુભાઈ ખાનીયા દારૂના નશામાં ઘરે આવી પત્ની સાથે ઝગડો કરી રહ્યા છે. જેથી યુવક ઘરે પહોંચતાં પિતા તેની સાથે પણ ઝગડો કરવા લાગ્યા હતા.

બનાવને પગલે પુત્રએ ૧૧૨ પર ફોન કરતાં જનરક્ષક મોબાઈલની ટીમ સ્થળ પર પહોંચી હતી અને હરીશભાઈને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની સામે ગુજરાત પ્રોહિબિશન અધિનિયમની કલમ ૧૬(૧)(બી) અને ૮૫(૧) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં પરિણીતા પર ત્રાસ ગુજારનાર પતિ અને સાસુ સામે પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરમાં રહેતી એક પરિણીતાએ પોતાના પતિ અને સાસુ સામે લગ્નજીવન દરમિયાન સતત માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરિયાદ મહિલા પોલીસ મથકે નોંધાવી છે.

શહેરના વિદ્યાનગર વિસ્તારમાં પિયરમાં રહેતા દિવ્યાબેન સુરેશભાઈ દામા ૨૭), નામની પરિણીતાના તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ પ્રતીકભાઈ વસંતભાઈ ભદ્રા સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવનથી તેમને ૧૬ માસનો એક પુત્ર છે. છ મહિના બાદથી પતિ નાની-નાની બાબતે ઝઘડા કરી ગાળો આપતા, મારકૂટ કરતા અને માનસિક ત્રાસ આપતા હતા.

સાસુ સીતાબેન પણ ઘરકામ અને રસોઈ જેવી બાબતોમાં ઝઘડા કરી ગાળો આપતા તેમજ પતિને તેમની વિરુદ્ધ ચઢામણી કરતા હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

સતત ત્રાસથી કંટાળી દિવ્યબેન તા. ૧૪ જાન્યુઆરીના રોજ પુત્ર સાથે પિયર જતી રહી હતી. બાદમાં સમાજના આગેવાનોના સમાધાનથી ફરી પતિ સાથે અલગ રહેવા લાગી હતી. જોકે ગત તા. ૧૯ જુલાઈના રોજ પતિએ પોતાના મિત્ર સાથે ઘરે દારૂ પીધો હતો અને વિરોધ કરતાં હાથ મરોડ્યો, વાળ ખેંચ્યા તથા ઝાપટ મારવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ફરિયાદી પુત્ર સાથે ફરી પિયરમાં જતી રહી હતી.

આ બનાવ બાદ મહિલા પોલીસ મથકે અરજી કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા બંને પક્ષનું કાઉન્સેલિંગ કરાયું હતું. પરંતુ કોઈ સમાધાન ન થતાં આખરે પરિણીતાએ પોતાના પતિ પ્રતીકભાઈ વસંતભાઈ ભદ્રા તથા સાસુ સીતાબેન વિરુદ્ધ મહિલા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

# મરીન ટાસ્ક ફોર્સ ઓખા દ્વારા દેવભૂમિ દ્વારકાના કોસ્ટલ એરીયામાં સઘન પેટ્રોલીંગ



દ્વારકા : ગુજરાત રાજયમાં દેશનો સૌથી મોટો દરિયા કિનારો આવેલ હોય તેમજ પાકીસ્તાની જળસીમાથી નજીકનો સંવેદનશીલ જળ વિસ્તાર ગણાતો હોય રાજ્યના વિશાળ દરિયા કિનારા તેમજ તેને સ્પર્શતા દરીયાઈ પટ્ટી વિસ્તારમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા રાજય સરકાર દ્વારા મરીન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે.

જે અંતર્ગત એ.ટી.એસ.ના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા, મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા, હજીરા પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકાના દરિયાઈપટ્ટી વિસ્તારમાં નાયબ પોલીસ અધિક્ષક કે.પી.પારેખ અને મરીન કમાન્ડોઝ દ્વારા ઓખામંડળ ખોડીયાર મંદિર, નેવી જેટી, મીની ડાલ્ડા રિસોર્ટ વિસ્તાર બેટ દ્વારકા, રૂપેણ બંદર, ભડકેશ્વર મહાદેવ, ગાયત્રી મંદિર, ઓખામઢી, વાડીનાર, સલાયા દરિયાકાંઠા વિસ્તારમાં ગઈકાલે સઘન કોસ્ટલ પેટ્રોલીગ કરવામાં આવેલ.

# ભાણવડના આંબરડી ગામે દેશી દારૂ સાથે બાઈક ચાલક ઝડપાયો, એક ફરાર

ખંભાળિયા : ભાણવડ તાબેના આંબરડી ગામેથી મોટરસાયકલમાં દેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને પોલીસે ૩૫ લીટર દેશી દારૂ સાથે પકડી પાડ્યો હતો જ્યારે અન્ય એક શખ્સને ફરાર જાહેર કરી બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના આંબરડી ગામે ચોરા પાસેથી પસાર થતાં રાજુભાઈ અમરાભાઈ મોરી નામના જી. જે. ૩૭. કે. ૫૫૨૨ નંબરના મોટરસાયકલ ચાલકને અટકાવી ભાણવડ પોલીસે તલાસી લેતા રૂ. ૭ હજારની કિંમતનો ૩૫ લીટર દેશી દારૂ મળી આવતા તેની અટકાયત કરી દેશી દારૂ તેમજ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જયારે સામત ઉર્ફે હકો દાનાભાઈ મોરી નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# વોર્ડ નં. ૧માં ઘણા સમયથી દૂષિત પાણી આવતા સ્થાનિકોમાં રોષ



જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧માં છેલ્લા ઘણા સમયથી દુષિત પાણીની સમસ્યા યથાવત રહેતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સામાજિક કાર્યકર અનવર સંઘારના જણાવાયા અનુસાર વોટર વર્કર્સ શાખાને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. આથી બેડા સરઘસની ચીમકી ઉચ્ચારવામા આવી છે.

અનવર સંઘારના જણાવાયા અનુસાર વોર્ડ નં. ૧માં આવેલા મહાનગરપાલિકાના આરોગ્ય કેન્દ્રમાં પણ દુર્ગંધયુક્ત, ડહોળું, ફીણવાળું તેમજ ગટર મિશ્રિત પાણી આવતું હોવાની ફરિયાદો સતત થઈ રહી છે. તેમજ ફૂડ શાખાની ટીમ દ્વારા સ્થળ મુલાકાત પણ લેવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું છે અને સંબંધિત અધિકારીને અનેક વખત રજૂઆત કરવા છતાં તેઓ વોર્ડ નં. ૧ની મુલાકાત લેતા નથી તેમજ બેડેશ્વર પાણીના ટાંકા ખાતેના જવાબદાર અધિકારીને પણ તપાસ માટે મોકલવામાં આવતા નથી. અનેક વિસ્તારોમાં નિયમિત પાણી પહોંચતું ન હોવાની પણ તેમણે ફરિયાદ કરી છે. સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ટૂંક સમયમાં સ્થાનિક રહીશો સાથે બેડા સરઘસ કાઢી મહાનગરપાલિકા કમિશનરને આવેદનપત્ર આપવામાં આવશે. આ સમગ્ર મામલે જે કોઈ પરિસ્થિતિ સર્જાશે તેની જવાબદારી વોટર વર્ક્સ વિભાગના અધિકારીઓની રહેશે, તેવી ચીમકી અનવર સંઘારે ઉચ્ચારી છે.

# જામનગરના ડૉ. સ્વાતિ મહેતાને "પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર સંગીતરત્ન પુરસ્કાર" કરાશે એનાયત





જામનગર : જામનગર માટે ગૌરવની વાત છે કે શહેરની જાણીતી સંગીતકાર અને સંગીત શિક્ષિકા ડૉ. સ્વાતિ અજય મહેતાની ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે આપેલા ૪૫ વર્ષથી આપેલા નોંધપાત્ર યોગદાનની કદર કરતાં અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ, મુંબઈ દ્વારા સમગ્ર દેશભર માંથી ચુનંદા ૧૦ વ્યક્તિઓને આપવમાં આવતા પ્રતિષ્ઠિત "પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર સંગીતરત્ન પુરસ્કાર" એનાયત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મંડળ દ્વારા તા. ૧ ઓગસ્ટના રોજ જારી કરાયેલા સત્તાવાર પત્રમાં જણાવ્યા મુજબ, ભારતીય શાસ્ત્રીય સંગીતના પ્રખર પુરોધા પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરના સંગીત પ્રચાર-પ્રસારના કાર્યને આગળ વધારવામાં ડૉ. સ્વાતિ મહેતાનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. તેમના આ અમૂલ્ય યોગદાનને માન્યતા આપતાં આ પ્રતિષ્ઠિત સન્માન માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

આ પુરસ્કાર વિતરણ સમારોહ તા. ૨૨ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે, વિષ્ણુદાસ ભાવે નાટ્યગૃહ, વાશી, નવી મુંબઈ (મહારાષ્ટ્ર) ખાતે યોજાશે. સમારોહ દરમિયાન ડૉ. સ્વાતિ મહેતાનું મહાનુભાવો અને નૃત્ય ક્ષેત્રેના આગેવાનોની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવશે. અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ દ્વારા પુરસ્કાર વિજેતાને નિયમ મુજબ પ્રવાસ ભથ્થાની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

ડૉ. સ્વાતિ અજય મહેતાને મળનારા આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સન્માનથી જામનગર તેમજ સમગ્ર ગુજરાતના સંગીતજગતમાં આનંદની લાગણી વ્યાપી છે. સંગીતરસિકો, શિક્ષકો અને વિવિધ સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

# કાલાવડ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૫ ઓગસ્ટે યોજાશે

જામનગર : સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજયના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ દર માસે યોજવાનું સૂચન કર્યું છે.

જે અન્વયે, જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૫ ઓગસ્ટના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી કાલાવડ મામલતદારના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી, કાલાવડના મીટીગ હોલમાં યોજવામાં આવશે અરજદારોએ આગામી તા.૧૦ ઓગસ્ટ સુધીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમનો પ્રશ્ન/ અરજી કાલાવડ મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટને પુરતાં પુરાવા સાથે મોકલી આપવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ આ તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે.

તાલુકા સ્વાગતમાં અરજી કરતા પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો તે ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલ હોય. તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ અને તે અરજીની તારીખે અનિર્ણિત હોય. આ કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકારી ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ.

આ કાર્યક્રમમાં અરજદાર જાતે પોતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહીં. કાલાવડ તાલુકાના સમગ્ર નાગરિકોએ તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા કાલાવડ મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં વરસાદી ઋતુમાં રોગચાળા અંગે સાવચેતી રાખવા તંત્રનો અનુરોધ

જામનગર : જામનગર શહેરમાં વરસાદી ઋતુ દરમિયાન મચ્છરજન્ય તથા પાણીજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા, ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ અને કમળાના કેસોમાં વધારો થવાની શક્યતા રહેતી હોય છે. આથી જામનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા નાગરિકોને સમયસર સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

ડેન્ગ્યુ ફેલાવતો એડીસ મચ્છર સ્વચ્છ અને સ્થિર પાણી માં પ્રજનન કરે છે. તેથી ઘર ની છત, અગાસી, બાલ્કની, આંગણું તેમજ આસપાસ ના વિસ્તાર માં ક્યાંય પણ પાણી ભરાઈ ન રહે તેની નિયમિત તપાસ કરવી જરૂરી છે. પાણી સંગ્રહના તમામ વાસણો ઢાંકીને રાખવા તથા દર અઠવાડિયે તેને સંપૂર્ણ ખાલી કરી ને સારી રીતે સાફ કરવા જોઈએ. પીવાના પાણીની સ્વચ્છતા જાળવવી પણ એટલી જ જરૂરી છે. માત્ર શુદ્ધ, ક્લોરિનેટેડ અથવા ઉકાળેલું પાણી પીવું, તાજો અને સ્વચ્છ ખોરાક લેવો તથા વ્યક્તિગત સ્વચ્છતા જાળવવાથી પાણીજન્ય રોગો સામે અસરકારક રક્ષણ મળી શકે છે.

જો કોઈ વ્યક્તિને સતત તાવ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો, ઝાડા-ઉલ્ટી, કમળાના લક્ષણો અથવા અન્ય અસ્વસ્થતા જણાય તો સ્વદવા કરવાને બદલે નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં તાત્કાલિક તપાસ અને સારવાર કરાવવી જોઈએ.

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં મચ્છર નિયંત્રણ માટે નિયમિત સર્વેલન્સ, લાર્વા નાશક કામગીરી, ફોગિંગ, જંતુનાશક દવાના છંટકાવ, આરોગ્ય જાગૃતિ અભિયાન તથા અન્ય જાહેર આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરી દરમિયાન આરોગ્ય વિભાગના કર્મચારીઓને જરૂરી સહયોગ આપવા તેમજ પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવામાં સક્રિય ભાગીદાર બનવા તમામ નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

સ્વચ્છ શહેર - સ્વસ્થ શહેર એ સૌની સંયુક્ત જવાબદારી છે. નાગરિકોની જાગૃતિ અને સહકારથી જ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગો પર અસરકારક નિયંત્રણ મેળવી શકાય છે. તેમ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ-જામનગર મહાનગર પાલિકાની યાદીમાં જણાવાયું છે.

# ફલ્લામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

જામનગર : જામનગર તાલુકાના ફલ્લા ગામના ભગવતીપરા વિસ્તારમાં જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખ્સોને પંચકોશી એ. ડિવિઝન પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ફલ્લા ગામના ભગવતીપરા વિસ્તારમાં ભરતભાઈ પ્રભુભાઈ રાઠોડના મકાન સામે જાહેરમાં તીનપત્તી નામનો જુગાર રમતા હરીભાઈ દાનાભાઈ રાઠોડ (ઉ.વ. ૪૧), સુરેશભાઈ કનુભાઈ રાઠોડ (ઉ.વ. ૪૭) અને દીપકભાઈ ગોળજીભાઈ રાઠોડ (ઉ.વ. ૪૬)ને ઝડપી પાડ્યા હતા અને તેઓ પાસેથી રોકડા રૂ. ૧૨,૭૫૦ તથા ગંજીપત્તાના ૫૨ પાનાં મળી કુલ રૂ. ૧૨,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ખંભાળિયા અને સલાયામાં જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા

ખંભાળિયા : સલાયા અને ખંભાળિયામાં કેરમ તથા ગંજીપાના પાના વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા આઠ શખ્સની દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી કુલમળી રૂ. ૫૪ હજારની મતા કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે કેરમમાં ચિત્ર દોરેલ પાટીયા ઉપર અલગ-અલગ કલરની કુકરીઓ તથા પાસા વડે શરત લગાવી પૈસાની હારજીતનો જુગાર રમતા હમીદ હારુન લોરુ, કાસમ જુનસ ગજણ, સાલેમામદ સીદીક સંઘાર અને હનીફ અનવર જસરાયા નામના ચાર શખ્સને સલાયા મરીન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૨૫૪૦ ની રોકડ રકમ અને રૂ. ૨૦ હજારની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૩૪ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

જયારે ખંભાળિયામાં આવેલ મહેશ્વરી સમાજની વાડીની બાજુમાં ખુલ્લા પ્લોટ માં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મુકેશ ખીમાભાઈ ફફલ, રામજી કાયાભાઈ હાથીયા, અમિત નાથાભાઈ ડનેચા અને જયેશ નરેન્દ્રભાઈ ડોરૂ નામના ચાર શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૭૫૦૦ ની રોકડ રકમ તેમજ રૂ. ૧૨૫૦૦ ની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**જાહેર જનતા જોગ**

આથી અમો મેરૂન વા/ઓફ વજશીભાઈ ગોજીયા, રહે.સનસીટી-બી, મુ.સિક્કા જી.જામનગરવાળા આથી જાહેર કરૂં છું કે મારા લગ્ન વજશી હરદાસભાઈ ગોજીયા સાથે તારીખ ૧૪/૦૯/૨૦૧૮ માં રજીસ્ટર મેરેજથી થયેલા. લગ્નજીવન થી એક પુત્ર નામે સોયબનો જન્મ થયેલ.

મારા પતિ સામે મેં ડોમેસ્ટિક વાયોલેન્સ તેમજ અન્ય ફોજદારી ફરિયાદો કરેલ છે. તે ફરીયાદમાં મેં મિલકતમાં હક્ક-હિસ્સો માંગવા અંગેની દાદ માંગેલ છે.

તાજેતરમાં અમોને જાણવા મળેલ છે કે મારા પતિ વજશી ગોજીયા સિક્કામાં આવેલ મકાન સનસીટી-બી, રે.સ.નં ૮૨ પૈકી/પૈકી/૧ પ્લોટ નં ૧૨૫ સિક્કા ૧૨૫/૧ તેમજ પોતાની ખેતીની જમીન ગામઃ ભાટુડીયા તા.કલ્યાણપુર ખાતે આવેલ છે તે વેચાણ કરવાની તજવીજ હાથ ધરેલ છે.

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે, વજશી હરદાસભાઈ ગોજીયાના નામની ઉપરોક્ત મિલકતમાં મારો તેમજ મારા પુત્ર સોયબનો હક્ક હિસ્સો સમાયેલો હોય તે અંગેના કાગળો અમારી પાસે ઉપલબ્ધ હોય જેથી સદર મિલકત અંગે કોઈપણ વ્યક્તિએ વજશી હરદાસભાઈ ગોજીયા સાથે વહીવટ કરવો નહી જો અમારી જાણ બહાર ઉપરોક્ત મિલકત અંગે વહીવટ કરશે તો જે તે વ્યક્તિની અંગત જવાબદારી ગણાશે અને ઉપજતા નીપજતા પરિણામોની જવાબદારી તેમના શિરે રહેશે.

તા.૦૪/૦૮/૨૦૨૬ લિ....મેરૂન વા/ઓફ વજશીભાઈ ગોજીયા
મો.૯૫૧૦૮૧૨૦૨૫

-ઃઅમારા મારફતઃ-
વકીલ એ.એ. માજોઠી(મો.નં.૭૭૭૮૦૦૦૦૫૬)

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# ગ્લાસગોના મેદાન પર રાષ્ટ્રવાદનો ઉદય

કપડા સંજોગોમાં પણ ભારતીય ખેલાડીઓએ વિદેશની ધરતી પર ભારતનો વિજય ધ્વજ લહેરાવી અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં ચાલી રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ એ ભારતીય રમતગમતના ઈતિહાસમાં એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરી દીધું છે. આ ગેમ્સની ત્રેવીસમી આવૃત્તિ અનેક રીતે પડકારજનક માનવામાં આવી રહી હતી. કારણ કે યજમાન દેશે ખર્ચ બચાવવાના બહાને શૂટિંગ, કુસ્તી, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી ચાર મહત્વની રમતોને આ ગેમ્સમાંથી રદ કરી દીધી હતી. આ ચાર રમતો એવી છે જેમાં ભારતે અત્યાર સુધી કુલ ૫૬૪ માંથી લગભગ ૩૦૦ મેડલ જીત્યા છે. એટલે કે આપણા અડધાથી વધુ મેડલ આ રમતોમાંથી જ આવતા હતા. જ્યારે આ રમતો જ ન હોય ત્યારે ભારતનું પ્રદર્શન કેવું રહેશે તે અંગે સૌના મનમાં શંકા હતી. પરંતુ ભારતીય ખેલાડીઓએ, ખાસ કરીને બોક્સરોએ, આ શંકાને ખોટી પાડીને બતાવી દીધું છે કે ભારત હવે કોઈ એક કે બે રમત પર નિર્ભર નથી, તે દરેક રમતમાં પોતાની તાકાત બતાવવા સક્ષમ છે.આ ઘટના એ આ સમગ્ર ગેમ્સની સૌથી ભાવુક અને ગૌરવપૂર્ણ ક્ષણોમાંની એક છે. દસમા દિવસે જ્યારે ભારતીય બોક્સરોએ એક જ દિવસમાં સાત ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો, ત્યારે મેડલ વિતરણ સમારોહમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીના હસ્તે આપણા વિજેતા બોક્સરોને મેડલ પહેરાવવામાં આવ્યા. જેસ્મિન લંબોરિયા જેવી ભારતીય સેનામાં ફરજ બજાવતી દીકરીએ મહિલા વર્ગમાં ગોલ્ડ જીત્યો, પ્રીતિ પવારે કેનેડાની ખેલાડીને હરાવી, અને અંકુશ પંચાલ સહિત અનેક યુવા બોક્સરોએ પોડિયમ પર સ્થાન મેળવ્યું. જ્યારે આ ખેલાડીઓના ગળામાં મેડલ પહેરાવવામાં આવી રહ્યા હતા અને પાછળ તિરંગો લહેરાઈ રહ્યો હતો, ત્યારે સમગ્ર સ્ટેડિયમ ભારત માતા કી જયના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. હર્ષ સંઘવીએ પોતે આ ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શેર કરતા લખ્યું હતું કે આ દ્રશ્ય જોઈને દરેક ભારતીયની છાતી ગર્વથી ફૂલી જાય છે.આ એક નાની ઘટના નથી, તેના ઘણા ઊંડા સંકેતો છે. પહેલો સંકેત એ છે કે ભારતમાં રમતગમત પ્રત્યેનું રાજકીય નેતૃત્વ હવે સક્રિય થયું છે. એક સમય હતો જ્યારે નેતાઓ માત્ર ચૂંટણી સમયે જ ખેલાડીઓને યાદ કરતા હતા, પરંતુ આજે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી પોતે ગ્લાસગો જઈને ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યા છે. આનાથી ખેલાડીઓને એવો વિશ્વાસ આવે છે કે આખો દેશ તેમની પાછળ ઉભો છે. બીજો સંકેત એ છે કે ગુજરાત જેને હંમેશા વેપારી રાજ્ય તરીકે જોવામાં આવતું હતું, તે હવે રમતગમતનું પાવરહાઉસ બનવા તરફ આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં બનેલા નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓએ ગામડાના ખેલાડીઓને પણ આગળ આવવાની તક આપી છે.આ જીતનું મહત્વ એટલા માટે પણ વધારે છે કારણ કે તે પેરા એથ્લેટિક્સ સાથે જોડાયેલી છે. આ જ દિવસે સોમન રાણાએ શોટપુટમાં ગોલ્ડ જીત્યો હતો. સોમન રાણા પાંચ વર્ષ સુધી રાષ્ટ્રીય સ્તરના મિડલવેટ બોક્સર હતા, પરંતુ બાદમાં તેમણે ગોળા ફેંકમાં પોતાનું કરિયર બનાવવાનું નક્કી કર્યું. તેમની આ જીત એ વાતનો પુરાવો છે કે જો ઈરાદો મજબૂત હોય તો કોઈ પણ મર્યાદા આડે આવતી નથી. બોક્સિંગમાં જીતેલો દરેક ગોલ્ડ મેડલ અને પેરા એથ્લેટિક્સમાં મળેલી સફળતા એ દર્શાવે છે કે ભારતનો યુવા હવે હાર માનવા તૈયાર નથી.અંતમાં, ગ્લાસગોના સ્ટેડિયમમાં ગુંજેલો ભારત માતા કી જયનો નાદ માત્ર એક સૂત્ર નથી, તે ૧૪૦ કરોડ દેશવાસીઓના આત્મવિશ્વાસનો અવાજ છે. જ્યારે આપણા ખેલાડીઓ વિદેશની ધરતી પર તિરંગો લહેરાવે છે ત્યારે તે માત્ર એક રમત નથી જીતતા, તે દેશનું સન્માન વધારે છે.

# હરિયાળી ચાદર ઓઢીને મનમોહક દૃશ્ય સર્જી રહ્યો છે તળાજાનો ઐતિહાસિક ડુંગર



**ક્લિક કોર્નર** - દિપક માળી

ચોમાસાની ઋતુમાં તળાજાનો ઐતિહાસિક ડુંગર હરિયાળીની ચાદર ઓઢીને મનમોહક દૃશ્ય સર્જી રહ્યો છે. ડુંગરની ટોચ પર પવિત્ર દેરાસર અને તેની આસપાસ છવાયેલી લીલોતરી પર્યાવરણ પ્રેમીઓ તેમજ ભાવિકોને આકર્ષી રહી છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ડુંગરનું સૌંદર્ય અનેકગણું ખીલી ઊઠ્યું છે, જેના કારણે અહીં મુલાકાતીઓ ફોટોગ્રાફી અને પ્રકૃતિના સૌંદર્યનો આનંદ માણવા ઉમટી રહ્યા છે. ચોમાસાના દિવસોમાં તળાજાનું આ રમણીય દૃશ્ય સૌના મનને મંત્રમુગ્ધ કરી દે તેવું બની રહ્યું છે.!

# આજે લોકોનાં ઘર ભરેલા છે પણ મન ખાલી

હવે જો ન્યૂક્લિયર ફેમિલિનું પણ વિઘટન થતું જશે તો આ સમાજમાં કશું વધશે જ નહીં. પહેલેથી એક જ સંતાન રાખવાની ફેશનના કારણે ઘણા ભાવી સંબંધોનો અંત આવવા લાગ્યો છે ત્યાં હવે માતા-પિતાને પણ એકલા છોડીને જતા રહેવું અથવા તો માતા-પિતા તેમને જવા દઈને જે એકલતા પસંદ કરી રહ્યા છે તે નવા સમાજ માટે વધારે જોખમી છે.

તાજેતરમાં એક કેસ મુદ્દે મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જાડેજા સાહેબ સાથે વાતચીત કરવાનો અવસર મળ્યો. તેમણે વાતચીત દરમિયાન જણાવ્યું કે, અહીંયા વડીલોની સંખ્યા વધારે છે, સિનિયર સિટીઝન વધી રહ્યા છે. તેમની આ વાતમાં ચિંતા અને નારાજગી બંને હતા. વડીલોનું ધ્યાન રાખનાર કોઈ નથી તેવું તેમણે કહ્યું અને સંતાનો વિદેશ ભાગી જાય છે અથવા તો બીજા વિસ્તારોમાં પલાયન કરી જાય છે અને માતા-પિતા અહીંયા રહી જાય છે તેવા પણ કિસ્સા તેમણે ટાંક્યા. તેમણે માત્ર એક જ વિસ્તારની વાત કરી પણ ચારેતરફ નજર કરીએ તો સમજાશે કે મોટાભાગે હવે એકલવાયા વડીલોની સંખ્યા વધી રહી છે.

સદીઓથી ભારતીય સમાજમાં સંયુક્ત પરિવારો ટકેલા હતા. છેલ્લાં લગભગ પાંચ દાયકાથી તેમાં ભંગાણ શરૂ થયું અને હવે તો મોટાભાગે ન્યૂક્લિયર ફેમિલી જ વધ્યા છે. હવે તો એવા ન્યૂક્લિયર ફેમિલી છે જેમાં માતા-પિતા પણ સાથે હોતા નથી. ભારતીય સમાજમાં સંયુક્ત પરિવારો લાંબા સમય સુધી સામાજિક સુરક્ષા અને ભાવનાત્મક આધાર બની રહ્યા હતા, પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં આ માળખું ઝડપથી તૂટી રહ્યું છે. શિક્ષણ, રોજગાર અને વધુ સારા જીવનની શોધમાં યુવા પેઢીનું મહાનગરો અને બીજા દેશો તરફ પલાયન કરવું હવે એક સામાન્ય પ્રક્રિયા બની ગયું છે. આની સાથે પાછળ છૂટી રહેલા માતા-પિતા એક એવા જીવનમાં પહોંચી રહ્યા છે, જ્યાં દિવસ કોઈ પણ વાતચીત વગર વીતી જાય છે અને સાંજ ઉદાસીમાં ફેરવાઈ જાય છે. વાત કદાચ થાય તો બે-ચાર મિનિટ સુધી ફોન ઉપર થાય અને ત્યારબાદ ફરીથી ગુંગળાયેલા સંબંધોનો સન્નાટો છવાઈ જાય.

થોડા સમય પહેલા એક અભ્યાસ થયો હતો જેમાં વડીલોની લાગણીઓ વિશે કેટલાક સવાલ કરવામાં આવ્યા હતા. આ સવાલોના જે જવાબ આવ્યા તે ખરેખ સમાજ વ્યવસ્થા માટે ચિંતાજનક છે. તેમાં જણાવાયું છે કે, ૫૪ ટકા વૃદ્ધો વધતી ઉંમરને નકારાત્મક લાગણીઓ સાથે જોડે છે, જેમાં એકલવાયાપણું મુખ્ય છે. બીજી તરફ આશરે ૭૯ ટકા વૃદ્ધોએ સ્વીકાર્યું છે કે પરિવારના સભ્યો તેમની સાથે પૂરતો સમય વિતાવતા નથી. આ સ્થિતિ આપણા બદલાતા સામાજિક વ્યવહારનો સંકેત છે. વડીલો ઘરમાં એકલા જ હોય તો એકલતા કોરી ખાય તે સ્વાભાવિક છે પણ સંતાનો સાથે રહેવા છતાં કોઈ વાત કરનારું ન હોય અને એકલતા લાગે તે સૌથી વધારે વ્યથા આપે છે.

દિવસના અજવાળામાં તો જેમ-તેમ કરીને ઘરના નાના-મોટા કામોમાં કે ભૂતકાળની બારીઓમાંથી જોતાં-જોતાં વૃદ્ધોનો સમય પસાર થઈ જાય છે, પણ સાંજ ઢળતાં જ ઉદાસી ઘેરી બનવા લાગે છે. ન તો કોઈ વાત કરવાવાળું હોય છે અને ન તો કોઈ તેમની પૂછપરછ કરવાવાળું હોય છે. આ અગાઢ મૌનથી ગભરાઈને ઘણા વૃદ્ધો પોતાનો સમય પસાર કરવા કે ધ્યાન બીજે દોરવા સોશિયલ મીડિયાનો આધાર લેવા લાગ્યા છે. જેમની શારીરિક ક્ષમતા છે તેઓ નાની-મોટી પ્રવૃત્તિ કરીને સમય પસાર કરે છે પણ આ બધું દિવસ દરમિયાન થાય છે. દિવસ આથમતા જ તેમના જીવન અને મનમાં જે એકલતાનો અંધકાર ફેલાય છે તે જોનાર, સાંભળનાર કે અનુભવનાર કોઈ નથી.

**વિશેષ**

સોશિયલ મીડિયામાં આપણે ઘણા વડીલોને ગીતો ગાતા, પોતાની ગમતી પ્રવૃત્તિ કરતા કે પછી તેમની યુવાનીના સમયના ગીતો ગણગણતા જોઈએ છીએ. આ આનંદ ક્ષણભંગુર હોય છે. માત્ર રિલ બનાવવા પૂરતો ટકે છે. દુનિયા એવું માને છે કે, વડીલોને સોશિયલ મીડિયા ગમે છે પણ હકિકતે તેમની પાસે તેને ગમાડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. સંતાનો બીજા શહેર, બીજા રાજ્ય કે પછી બીજા દેશમાંથી વીડિયો કોલ કરે અથવા કોલ કરે ત્યારે અડધો કલાક કે કલાક વાત થાય, એકબીજાના મોઢા જોવા મળે અને ફરી પાછો એ જ ખાલીપો.

એક સમયે જે પરિવારને પૈસાની ભુખ હતી, વિકાસની ઝંખના હતી, આગળ વધવાના અભરખા હતા તે હવે ઓસરતા જાય છે. સંતાનો તેમની દુનિયા ઊભી કરીને તેમાં મસ્ત થઈ જાય છે અને વડીલો પાછળ છુટવા લાગે છે. શારીરિક સ્થિતિ સાથ આપતી નથી અને ત્યારબાદ ધીમે ધીમે માનસિક સ્થિતિ પણ ખરાબ થાય છે. આજે ઘણા એકલવાયા વૃદ્ધોને માનસિક સમસ્યા છે અને તેઓ મનોચિકિત્સકોની દવા કરાવે છે અથવા તો તેમના થેરાપી સેશન લેતા હોય છે. સામાજિક વિકાસનું આ એક વરવું સ્વરૂપ છે જેને આપણે જોતા નથી અથવા જોવા માગતા નથી.

પરિસ્થિતિ ત્યાં સુધી વણસી ગઈ છે કે, આ વડિલો ઘણી વખત ઘરમાં એકલા મૃત્યુ પામે તો કોઈને ખબર પડતી નથી. મહાનગરોમાં સ્થિતિ આવી જ છે. ફ્લેટમાં એકલા રહેતા વૃદ્ધોની ડેડબોડ અઠવાડિયે, પંદર દિવસે મળે છે અને બાજુમાં રહેનાર લોકોને ખબર હોતી નથી કે તેમને રસ પણ હોતો નથી. વિદેશમાં રહેતા સંતાનો ઘણી વખત આવે છે અને ઘણી વખત પડોશીઓ, સંબંધીઓ કે પછી પોલીસના આધારે બાકીના ક્રિયાકરમ છોડી દે છે. આ અતિશયોક્તિ નથી પણ આવી ઘટનાઓ જોયેલી, બનેલી અને જગજાહેર છે. આજે એવા કેટલાય વૃદ્ધો છે, જેમના બાળકો વિદેશમાં સ્થાયી થયા છે. તેમનો સંપર્ક માત્ર ફોન અને વીડિયો કોલ સુધી જ મર્યાદિત રહી ગયો છે.

# એકવીસમી સદીની સૌથી મોટી માનસિક કટોકટી

મોબાઈલ ની બેટરી ખતમ થઈ જાય અથવા તો નેટ બંધ થઈ જાય તો કેટલી બધી બેચેની થાય છે. આપણે દુનિયાના સંપર્કોથી કપાઈ ગયા હોય તેવી અનુભૂતિ થાય છે. આમ થવું સ્વાભાવિક છે કારણકે આજે આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં માહિતીનો મહાસાગર આપણી આંગળીના ટેરવે છે, છતાં આપણા મનમાં શૂન્યતા વધતી જાય છે. આપણી પાસે વાત કરવા માટે હજારો એપ્લિકેશન છે, પણ સાંભળનાર કોઈ નથી. જન્મદિવસ પર સેંકડો લોકો શુભેચ્છા આપે છે. પણ જ્યારે જીવનમાં ખરેખર કોઈ મુશ્કેલી આવે છે, ત્યારે આ સેંકડોની ભીડમાંથી કેટલા લોકો ખરેખર આપણી પડખે ઉભા રહે છે? જવાબ ઘણીવાર નિરાશાજનક હોય છે. આ વર્ચ્યુઅલ ભીડ વચ્ચે આપણે ધીમે ધીમે ભાવનાત્મક રીતે એકલા થઈ રહ્યા છીએ. આપણે આપણી લાગણીઓને સ્ટેટસમાં વ્યક્ત કરતા શીખી ગયા છીએ, પણ સામે બેઠેલી વ્યક્તિને તે લાગણી સમજાવતા ભૂલી ગયા છીએ.

**આપણે એ ભૂલી રહ્યા છીએ કે સંબંધોને સમય અને ધ્યાન નામનું ખાતર જોઈએ છે. સોશિયલ મીડિયા પર કોઈ અજાણી વ્યક્તિની પોસ્ટ પર આપણે મિનિટો સુધી વિચારીને કોમેન્ટ કરીએ છીએ, પણ ઘરના વડીલો સાથે બે મિનિટ નિરાંતે વાત કરવાનો સમય નથી કાઢતા**

આ વિરોધાભાસ જ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. આપણે ટેકનોલોજીથી જોડાયા છીએ, પણ માણસથી વિખૂટા પડી ગયા છીએ. આ લેખમાં આપણે આ અદૃશ્ય કટોકટીને એક નવા દૃષ્ટિકોણથી સમજવાનો અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધવાનો પ્રયત્ન કરીશું.

સોશિયલ મીડિયાએ આપણને એક ખૂબ જ સુંદર ભ્રમ આપ્યો છે, જોડાયેલા હોવાનો ભ્રમ. આપણને લાગે છે કે આપણે દુનિયાભરના મિત્રો સાથે કનેક્ટેડ છીએ. આપણા ફોટા પર તરત જ સેંકડો લાઈક આવી જાય છે,

આ એકલતાનું બીજું કારણ છે સતત પોતાને સાબિત કરવાનું દબાણ. ઓનલાઈન દુનિયામાં દરેક વ્યક્તિ એક અભિનેતા બની ગઈ છે. દરેક પોસ્ટ એક પ્રદર્શન છે. સારામાં સારો ફોટો, સારામાં સારી જગ્યા અને સારામાં સારું જીવન બતાવવાની હરીફાઈ ચાલી રહી છે. આ હરીફાઈમાં આપણે આપણી અસલ ઓળખ જ ભૂલી ગયા છીએ. આપણે બીજાને પ્રભાવિત કરવા માટે જીવીએ છીએ, પોતાના માટે નહીં. જ્યારે આ પ્રદર્શનને અપેક્ષા મુજબનો પ્રતિસાદ નથી મળતો, ત્યારે મનમાં ઊંડી હતાશા જન્મે છે. ખાસ કરીને કિશોરો અને યુવાનોમાં પોતાની કિંમત લાઈક અને ફોલોઅર્સની સંખ્યાથી નક્કી કરવાની ઘાતક માનસિકતા વિકસી રહી છે, જે અત્યંત ચિંતાજનક છે.

આ સમસ્યાની સૌથી દુખદ અસર આપણા ઘરની ચાર દિવાલોની અંદર જોવા મળે છે. પહેલા ઘર એટલે લાગણીઓનું કેન્દ્ર, હૂંફ અને વાત્સલ્યની જગ્યા ગણાતી હતી. આજે ઘરમાં બધા સભ્યો હાજર હોય છે, પણ ગેરહાજર હોય તેવું લાગે છે. પિતા સમાચારની એપમાં,

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

માતા સિરિયલમાં, દીકરો ગેમમાં અને દીકરી રીલ્સમાં વ્યસ્ત હોય છે. એકબીજા માટે સમય જ નથી. બાળક તેના દિવસની વાત કોને કહે? તેની નાની સફળતા કે નિષ્ફળતા કોની સાથે વહેંચે? જ્યારે ઘરમાં સાંભળનાર નથી મળતું, ત્યારે બાળક બહાર ખોટી જગ્યાએ સહારો શોધે છે. આ જ કારણથી આજે પરિવારમાં સંવાદ તૂટી રહ્યો છે અને તેની જગ્યા વિવાદ લઈ રહ્યો છે.

આપણે એ ભૂલી રહ્યા છીએ કે સંબંધોને સમય અને ધ્યાન નામનું ખાતર જોઈએ છે. સોશિયલ મીડિયા પર કોઈ અજાણી વ્યક્તિની પોસ્ટ પર આપણે મિનિટો સુધી વિચારીને કોમેન્ટ કરીએ છીએ, પણ ઘરના વડીલો સાથે બે મિનિટ નિરાંતે વાત કરવાનો સમય નથી કાઢતા. આ ટેવ આપણને ધીમે ધીમે લાગણીહીન બનાવી રહી છે. આપણે બીજાની ખુશીમાં સાચા દિલથી ખુશ થતા અને દુઃખમાં સાચા દિલથી દુઃખી થતા ભૂલી ગયા છીએ, કારણ કે આપણી સંવેદનાઓ સ્ક્રીન પાછળ ધૂંધળી થઈ ગઈ છે.

આ વર્ચ્યુઅલ દુનિયાની લત માત્ર મન પર નહીં, પણ શરીર પર પણ સીધો હુમલો કરી રહી છે. સતત નીચું માથું રાખીને મોબાઈલ જોવાથી ગરદન અને કરોડરજ્જુની તકલીફો સામાન્ય બની ગઈ છે. આંખોમાં બળતરા, માથાનો દુખાવો અને સાંભળવાની ક્ષમતા પર અસર હવે નાની ઉંમરે જ જોવા મળે છે. પણ સૌથી મોટું નુકસાન મગજને થઈ રહ્યું છે. સતત નવી માહિતી, નવા વીડિયો અને નવી પોસ્ટ જોવાની ટેવને કારણે આપણું ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટી ગઈ છે. આપણે કોઈ એક કામ પર લાંબો સમય ધ્યાન નથી આપી શકતા. આ જ કારણ છે કે વિદ્યાર્થીઓને વાંચવામાં અને કર્મચારીઓને કામમાં મન નથી લાગતું.

રાત્રિનો સમય જે શરીરને આરામ આપવા માટે હતો, તે હવે સ્ક્રીન સામે વેડફાઈ રહ્યો છે. મોડી રાત સુધી જાગીને સ્ક્રોલ કરવાથી ઊંઘનું ચક્ર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ઓછી ઊંઘને કારણે સ્વભાવ ચીડિયો બને છે, યાદશક્તિ નબળી પડે છે અને રોગપ્રતિકારક શક્તિ પણ ઘટે છે. આ શારીરિક અને માનસિક થાક ભેગો મળીને વ્યક્તિને એક એવા ચક્રમાં ફસાવે છે જ્યાં તેને ખબર જ નથી પડતી કે તે બીમાર થઈ રહ્યો છે.

આ સમસ્યામાંથી બહાર આવવા માટે આપણે ફોનને દુશ્મન માનવાની જરૂર નથી, પણ તેના માલિક બનવાની જરૂર છે. ગુલામ નહીં, માલિક. સૌપ્રથમ આપણે આપણા દિવસમાં કેટલાક નો ફોન ઝોન બનાવવા પડશે. જેમ કે સવારે ઉઠ્યા પછી પહેલો એક કલાક, જમવાનો સમય અને રાત્રે સૂતા પહેલાનો સમય. આ સમય દરમિયાન ફોનને બીજા રૂમમાં મૂકી દો. આ નાનકડું પગલું તમારા દિવસની ગુણવત્તા બદલી નાખશે. સવારની શાંતિ તમને આખો દિવસ ઊર્જાવાન રાખશે.

બીજું પગલું છે જાણી જોઈને વાસ્તવિક જીવનને પસંદ કરવું. સાંજે અડધો કલાક બગીચામાં ચાલવા જાઓ, પણ ફોન વગર. મિત્રોને મળવા જાઓ તો ફોન ખિસ્સામાં રાખો, ટેબલ પર નહીં. કોઈ શોખ જે તમે બાળપણમાં કરતા હતા તેને ફરીથી શરૂ કરો. કદાચ તે ક્રિકેટ રમવું હોય, હાર્મોનિયમ વગાડવું હોય કે ચિત્ર દોરવું હોય. જ્યારે તમારું મન વાસ્તવિક આનંદમાં પરોવાશે, ત્યારે કૃત્રિમ આનંદની જરૂર ઓછી થઈ જશે. પરિવારમાં પણ એક નવો નિયમ શરૂ કરો, રોજ સાંજે પંદર મિનિટ બધા સાથે બેસીને વાત કરવી, જેમાં કોઈના હાથમાં ફોન ન હોય. આ પંદર મિનિટ તમારા સંબંધોને વર્ષોની મજબૂતી આપશ

આખરે યાદ રાખવા જેવી વાત એ છે કે આપણું જીવન સ્ટોરી કે સ્ટેટસ કરતા ઘણું મોટું છે. જે ક્ષણો કેમેરામાં કેદ નથી થતી, તે જ ક્ષણો ઘણીવાર સૌથી યાદગાર હોય છે. ટેકનોલોજીનો ઉપયોગ સાધન તરીકે કરો, સાધ્ય તરીકે નહીં. ફોન સ્માર્ટ હોવો જોઈએ, માણસ નહીં, માણસ સમજદાર હોવો જોઈએ. જ્યારે આપણે સ્ક્રીન પરથી નજર હટાવીને સામે ઉભેલી વ્યક્તિની આંખોમાં જોઈશું, ત્યારે જ આપણને સાચા જોડાણનો અર્થ સમજાશે. ચાલો, આજથી જ એક નાનો સંકલ્પ કરીએ, ઓછો સ્ક્રોલ, વધુ સંવાદ.

# શ્રીલંકા સામેની ટેસ્ટ મેચ શ્રેણીમાં ઋષભ પંત ૧૦૦ છગ્ગા ફટકારવાની સિદ્ધી હાંસલ કરશે

નવીદિલ્હી,

જ્યારે પણ ટેસ્ટ ક્રિકેટમાં આક્રમક બેટિંગની ચર્ચા થાય છે, ત્યારે ઋષભ પંતનું નામ હંમેશા સૌથી પહેલા ધ્યાનમાં આવે છે. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ મોટા શોટ રમવાની તેની ક્ષમતા તેને અન્ય બેટ્સમેનોથી અલગ પાડે છે. હવે, શ્રીલંકા સામે ૧૫ ઓગસ્ટથી ગાલેમાં શરૂ થઈ રહેલી બે ટેસ્ટ મેચની શ્રેણીમાં, પંત પાસે એવો રેકોર્ડ બનાવવાની તક છે જે કોઈ ભારતીય બેટ્સમેન ક્યારેય હાંસલ કરી શક્યો નથી.

ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા મારનાર પ્રથમ ભારતીય ખેલાડી બનવાથી માત્ર ત્રણ છગ્ગા દૂર છે. હાલમાં તેની પાસે ૪૯ ટેસ્ટ મેચમાં ૯૭ છગ્ગા છે. જો તે શ્રીલંકા સામેની શ્રેણીમાં વધુ ત્રણ છગ્ગા મારે છે, તો તે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગાનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય બનશે. વધુમાં, તે આ સિદ્ધિ હાંસલ કરનાર વિશ્વનો માત્ર ચોથો બેટ્સમેન બનશે.

ટેસ્ટ ક્રિકેટમાં છગ્ગા મારવાના મામલે પંતે ઘણા ભારતીય ક્રિકેટ દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. ભૂતપૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સેહવાગે તેની ટેસ્ટ કારકિર્દીમાં ૯૧ છગ્ગા ફટકાર્યા હતા, જ્યારે ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ ૬૭ ટેસ્ટમાં ૮૮ છગ્ગા મારીને પોતાની કારકિર્દીનો અંત કર્યો હતો. દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરે ૨૦૦ ટેસ્ટ મેચમાં ૬૯ છગ્ગા




ફટકાર્યા હતા. ભૂતપૂર્વ કેપ્ટન અને વિકેટકીપર મહેન્દ્ર સિંહ ધોનીએ ૯૦ ટેસ્ટમાં ૭૮ છગ્ગા ફટકાર્યા છે. તે બધાને પાછળ છોડીને, પંત પહેલાથી જ ભારતનો સૌથી સફળ ટેસ્ટ સિક્સર-હિટર બની ગયો છે.

વૈશ્વિક ટેસ્ટ ક્રિકેટમાં, સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સના નામે છે. સ્ટોક્સે ૧૨૨ ટેસ્ટમાં ૧૩૮ છગ્ગા ફટકાર્યા હતા. સ્ટોક્સે તાજેતરમાં જ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેના પછી ન્યૂઝીલેન્ડના બ્રેન્ડન મેક્કુલમ, ઓસ્ટ્રેલિયાના એડમ ગિલક્રિસ્ટ, ન્યૂઝીલેન્ડના ટિમ સાઉથી અને વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલનો નંબર આવે છે. પંત ૯૭ છગ્ગા સાથે આ યાદીમાં છઠ્ઠા ક્રમે છે અને ટૂંક સમયમાં ટોચના ત્રણમાં સ્થાન મેળવી શકે છે. ઋષભ પંત લાંબા સમયથી ભારતીય ટેસ્ટ ટીમની બેટિંગનો આધાર રહ્યો છે. તેની આક્રમક શૈલીએ ભારતને વિદેશમાં ઘણી યાદગાર જીત અપાવી છે. હવે, શ્રીલંકા પ્રવાસ પર, તે ફક્ત રન બનાવવા પર જ નહીં પરંતુ ઈતિહાસના પાનામાં પોતાનું નામ કોતરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

# ઓલરાઉન્ડર શશાંક સિંહ છત્તીસગઢ ટીમ છોડીને હવેથી પુડુચેરી ટીમ માટે રમશે

ચંડીગઢ,

પંજાબ કિંગ્સના ઓલરાઉન્ડર શશાંક સિંહે એક મોટો નિર્ણય લીધો છે. તેણે છત્તીસગઢ ટીમ છોડી દીધી છે અને હવે ૨૦૨૬-૨૭ સીઝનથી પુડુચેરી માટે રમશે. શશાંકે જણાવ્યું કે તેને છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશન તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મળી ગયું છે. તેમણે જણાવ્યું હતું કે છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશનના કેટલાક અધિકારીઓએ તેમની સાથે ખરાબ વર્તન કર્યું હતું, જેના કારણે તેમણે આ નિર્ણય લીધો હતો.




ક્રિકઈન્ફોને ટાંકીને છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ખેલાડીએ ઁઝ માટે વિનંતી કરી હતી, જે મંજૂર કરવામાં આવી છે. તેમણે જે કંઈ કહ્યું તે તેમનો પોતાનો અભિપ્રાય છે, અને એસોસિએશન આ બાબતે વધુ ટિપ્પણી કરવા માંગતું નથી. ક્રિકઈન્ફો સાથે વાત કરતા શશાંક સિંહે કહ્યું, "હું છત્તીસગઢ છોડી રહ્યો છું. મેં છત્તીસગઢ સ્ટેટ ક્રિકેટ એસોસિએશન પાસેથી એનઓસી મેળવ્યું છે અને ૨૦૨૬-૨૭ સીઝનથી પુડુચેરી માટે રમીશ."

શશાંકે વધુમાં જણાવ્યું હતું કે ગયા સીઝનમાં તેમને ખભા અને આંગળીમાં ગંભીર ઈજાઓ થઈ હતી, પરંતુ છત્તીસગઢ ક્રિકેટ એસોસિએશને તે મુશ્કેલ સમયમાં તેમને બિલકુલ ટેકો આપ્યો ન હતો. તેમણે વધુમાં જણાવ્યું કે સીઝન સમાપ્ત થયા પછી, છત્તીસગઢ ક્રિકેટ પ્રીમિયર લીગ ૨૦૨૬ માટે ખેલાડીઓની યાદીમાંથી તેમનું નામ દૂર કરવામાં આવ્યું હતું. વધુમાં, બેંગલુરુમાં પ્રી-સીઝન કેમ્પ માટે પસંદ કરાયેલ છત્તીસગઢ ટીમમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. જ્યારે તેમણે કારણ પૂછ્યું, ત્યારે તેમને કોઈ જવાબ મળ્યો નહીં.

શશાંકે આરોપ લગાવ્યો કે તેમના પર સ્થાનિક ક્રિકેટ નહીં પણ ફક્ત આઈપીએલ રમવાનો આરોપ છે.

# રવિન્દ્ર જાડેજા પાસે કપિલ દેવની વિશિષ્ટ ક્લબમાં જોડાવાની તક : શ્રીલંકામાં ફક્ત થોડી મહેનતની જરૂર

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટના સૌથી વિશ્વસનીય ઓલરાઉન્ડરોમાંના એક, રવિન્દ્ર જાડેજા શ્રીલંકા પ્રવાસ પર માત્ર તેની ટીમને જીત અપાવવા માટે જ નહીં, પરંતુ એક ઐતિહાસિક રેકોર્ડ બનાવવા માટે પણ જશે. જો જાડેજા બે મેચની ટેસ્ટ શ્રેણીમાં ફક્ત બે વધુ વિકેટ લે છે, તો તે ભારતીય ક્રિકેટ દિગ્ગજ કપિલ દેવના ખૂબ જ વિશિષ્ટ ક્લબમાં જોડાશે. નોંધપાત્ર રીતે, જાડેજા આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય સ્પિન ઓલરાઉન્ડર બનશે.

૩૬ વર્ષીય જાડેજા પાસે હાલમાં ૮૯ ટેસ્ટ મેચમાં ૩૪૮ વિકેટ છે. તેમના નામે ૪,૦૯૫ રન પણ છે. ૩૫૦ વિકેટનો આંકડો પૂર્ણ કર્યા



પછી, તે ટેસ્ટ ક્રિકેટમાં ૪,૦૦૦ થી વધુ રન બનાવનાર અને ૩૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર બનશે. અત્યાર સુધી, આ સિદ્ધિ ફક્ત મહાન ઓલરાઉન્ડર કપિલ દેવના નામે છે. કપિલે પોતાની ટેસ્ટ કારકિર્દીમાં ૫,૨૪૮ રન બનાવ્યા અને ૪૩૪ વિકેટ લીધી. ભલે તે ફાસ્ટ-બોલિંગ ઓલરાઉન્ડર હતો, છતાં જાડેજા આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય સ્પિન ઓલરાઉન્ડર બનશે. આ જ કારણ છે કે શ્રીલંકા પ્રવાસ દરમિયાન ક્રિકેટ ચાહકો તેના દરેક બોલ અને દરેક વિકેટ પર નજર રાખશે. નોંધનીય છે કે ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં ફક્ત ત્રણ ખેલાડીઓએ ૪,૦૦૦ રન બનાવવા અને ૩૫૦ વિકેટ લેવાનો નોંધપાત્ર બેવડો રેકોર્ડ હાંસલ કર્યો છે. આમાં કપિલ દેવ, ઈયાન બોથમ અને ડેનિયલ વેટોરીનો સમાવેશ થાય છે.જાડેજાની ટેસ્ટ કારકિર્દી એક પ્રેરણાદાયી વાર્તાથી ઓછી નથી. તેણે ૨૦૧૨ માં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. શરૂઆતના વર્ષોમાં, તેણે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે સંઘર્ષ કર્યો અને ઘણી વખત તેને બહાર કરવામાં આવ્યો. જોકે, તેણે ૨૦૧૫-૧૬ સીઝનમાં મજબૂત વાપસી કરી અને ક્યારેય પાછળ વળીને જોયું નહીં.

# ભવિષ્યમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને કોચ કરવા માંગે છે ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સ

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સ, જેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, હવે નવી કારકિર્દી શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે. મેદાન પર પોતાની આક્રમક કેપ્ટનશીપ અને ઓલરાઉન્ડ પ્રદર્શન માટે ઓળખ મેળવનાર સ્ટોક્સે ખુલાસો કર્યો છે કે તે ભવિષ્યમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના મુખ્ય કોચની ભૂમિકા નિભાવવા માંગે છે. તે કહે છે કે રમત સાથેનો તેનો સંબંધ ક્યારેય સમાપ્ત થશે નહીં અને તે કોચિંગ દ્વારા ફરીથી ટીમનું નેતૃત્વ કરવાનું સ્વપ્ન જુએ છે.

ફોર ધ લવ ઓફ ક્રિકેટ પોડકાસ્ટ પર વાતચીત



દરમિયાન, ૩૫ વર્ષીય બેન સ્ટોક્સે કહ્યું કે તે હાલમાં લેવલ ૩ કોચિંગ કોર્સ કરી રહ્યો છે જેથી ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી તેની પાસે સંપૂર્ણ કોચિંગ લાયકાત હોય. તેમણે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે તેમના કોચિંગ કારકિર્દીની બધી ઔપચારિકતાઓ પૂર્ણ થાય ત્યાં સુધી તેઓ સંપૂર્ણપણે રમતા હોય. તેઓ જાણે છે કે ભવિષ્યમાં તેઓ શું કરવા માંગે છેઃ કોચ બનવું. જો ક્યારેય ઈંગ્લેન્ડ ટીમને કોચ કરવાની તક મળે, તો તેઓ ચોક્કસપણે તે જવાબદારી નિભાવવા માંગશે.

સ્ટોક્સે મેદાનની બહાર નેતૃત્વની ભૂમિકામાં પણ રસ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે ટીમ સાથે કામ કરવું અને ખેલાડીઓનું માર્ગદર્શન કરવું હંમેશા તેમને આકર્ષિત કરે છે. વાતચીત દરમિયાન સ્ટોક્સે ઈંગ્લેન્ડના કેપ્ટનશીપ અંગે પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે તેમને આશ્ચર્ય થયું કે તેમના પછી હેરી બ્રુકને ટેસ્ટ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા નથી. તેમણે જો રૂટને કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા તે અંગે પણ ચિંતા વ્યક્ત કરી. નોંધનીય છે કે છેલ્લા એશિઝ પ્રવાસ દરમિયાન હેરી બ્રુકને ટેસ્ટ ટીમના ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, તેથી એવું માનવામાં આવતું હતું કે તેઓ આગામી કેપ્ટન બનશે. જોકે, ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે અનુભવી બેટ્સમેન જો રૂટ પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સ્ટોક્સે જૂન ૨૦૨૬ માં ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી દરમિયાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. નિવૃત્તિ પહેલાં, ઈંગ્લેન્ડનું પ્રદર્શન નિરાશાજનક હતું. ટીમ ન્યુઝીલેન્ડ સામે ૨-૧ થી ટેસ્ટ શ્રેણી હારી ગઈ હતી, અને તે પહેલાં, તેઓ ઓસ્ટ્રેલિયામાં એશિઝ શ્રેણી પણ ૪-૧ થી હારી ગયા હતા.

# સની દેઓલે પાર્ટીશન-૧૯૪૭ કાર્યક્રમમાં પિતા ધર્મેન્દ્રએ કહેલા શબ્દો યાદ કર્યા

મુંબઈ,

સની દેઓલ હાલમાં આમિર ખાનના નિર્માણ, 'પાર્ટીશન ૧૯૪૭' માટે સમાચારમાં છે, જે આ મહિને સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મે સની દેઓલના ચાહકોમાં જબરદસ્ત ચર્ચા જગાવી છે. ફિલ્મના ટ્રેલર અને ગીતોને પણ દર્શકો તરફથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. દરમિયાન, સની દેઓલ પોતાના એક નિવેદન માટે ટીકાનો ભોગ બન્યા છે. સની દેઓલ રવિવારે પટનામાં તેમની આગામી ફિલ્મ "પાર્ટીશન ૧૯૪૭" ના પ્રમોશનલ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા, જ્યાં તેમણે ફિલ્મના પ્રમોશન માટે આયોજિત એક પ્રેસ મીટમાં પણ ભાગ લીધો



હતો. પાકિસ્તાન વિશે પૂછવામાં આવતા, સની દેઓલે કોઈ રાજકીય ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ તેમના પિતા ધર્મેન્દ્ર દ્વારા આપવામાં આવેલા એક રસપ્રદ નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો.સની દેઓલે કાર્યક્રમ દરમિયાન "પાર્ટીશન ૧૯૪૭" ના શૂટિંગ વિશે વાત કરતા કહ્યું, "આ ફિલ્મ ત્યાં (પાકિસ્તાનમાં) શૂટ થઈ ન હતી. અમે તેનું શૂટિંગ ભારતમાં કર્યું હતું. અમે લાગણીઓ વિશે વાત કરતા નથી, કારણ કે આખો દેશ એક હતો." જેમ મારા પિતાએ કહ્યું હતું, "આ (ભારત) મારી માતા છે અને તે (પાકિસ્તાન) મારી કાકી છે." તમે બધા સારી રીતે જાણો છો કે આપણે બધા કોઈને કોઈ રીતે જોડાયેલા છીએ.વાતચીત દરમિયાન, સની દેઓલે કહ્યું કે તે રાજકારણ પર નહીં, પણ વાર્તાઓ અને અભિનય પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. અભિનેતાએ સ્પષ્ટપણે કહ્યું કે તે હાલમાં રાજકારણ પર ચર્ચા કરવા માંગતો નથી. તેમણે આગળ કહ્યું, "હું આ બધામાં વધુ પડતો ભાગ લેવા માંગતો નથી, પણ અમે બધા કલાકારો છીએ.

# રાધિકા મર્ચન્ટનો ભવ્ય 'શાંત વૈભવી' લુક લંડનમાં પતિ અનંત અંબાણી સાથે જોવા મળ્યો

મુંબઈ,

જ્યારે પણ ઉદ્યોગપતિ અનંત અંબાણી અને તેમની પત્ની રાધિકા મર્ચન્ટ લંડનની શેરીઓમાં નીકળે છે, ત્યારે ફેશન પ્રેમીઓ તરત જ તેમની તરફ આકર્ષાય છે. રાધિકા, જે સામાન્ય રીતે તેની ભવ્ય સાડીઓ, ડિઝાઈનર પોશાક અને કરોડો ડોલરના હીરાના દાગીના માટે હેડલાઈન્સમાં રહે છે, તેણે આ વખતે સંપૂર્ણપણે અલગ અભિગમ પસંદ કર્યો. તાજેતરમાં, તેના પતિ, અનંત અંબાણી સાથે લંડનમાં ફરતી વખતે, રાધિકાએ એક સરળ છતાં શાહી શૈલી દર્શાવી. ભવ્ય સ્ટાઈલ છોડીને, તેણે ઓછામાં ઓછા દેખાવ, "શાંત વૈભવી" પસંદ કર્યો, જેણે તેની સુંદરતામાં વધારો કર્યો.



આ કેઝ્યુઅલ આઉટિંગ માટે, રાધિકાએ પ્રખ્યાત ફ્રેન્ચ ફેશન હાઉસ ડાયોરનો મધ્યમ લંબાઈનો બેલ્ટેડ ડ્રેસ પસંદ કર્યો. આ સ્લીવલેસ ડ્રેસ, જેમાં ક્લાસિક બ્લેક-એન્ડ-વ્હાઈટ હાઉન્ડસ્ટૂથ પ્રિન્ટ છે, તેટલો જ સરળ અને ભવ્ય હતો. ડ્રેસનું હાઈલાઈટ નેકલાઈન પર સાટિન બો હતું, જેમાં ચાંદીમાં બ્રાન્ડની ટ્રેડમાર્ક સીડી સિગ્નેચર હતી. મેચિંગ બકલ બેલ્ટ કમરને વધારે પડતો ભાર આપતો હતો. સ્વચ્છ ટેલરિંગ, ભવ્ય ફિટ અને ઘૂંટણ સુધીના કટથી રાધિકાના એકંદર દેખાવને ક્લાસી અને સ્ત્રીત્વનો સ્પર્શ મળ્યો.

રાધિકાના લુકની ખાસ વાત એ હતી કે તેણે કોઈ પણ પ્રકારના ભારે એક્સેસરીઝનો ઉપયોગ કર્યો ન હતો. તેણે ભારે નેકલેસ કે ઈયરિંગ્સ સંપૂર્ણપણે છોડી દીધા, તેના બદલે રોજિંદા પહેરવાના ડાયમંડ સ્ટડ્સ, સૂક્ષ્મ બ્રેસલેટ અને સ્માર્ટવોચ પસંદ કર્યા. તેણે ક્લાસિક બ્લેક પોઈંટેડ-ટો પંપ પહેર્યા, જે તેના ડ્રેસ માટે પરફેક્ટ મેચ હતા. આ સાબિત કરે છે કે જ્યારે સ્ટાઈલની વાત આવે છે, ત્યારે ક્યારેક સરળ અને ઓછા અંદાજિત તત્વો સૌથી આકર્ષક હોય છે.

તેના કપડાં અને એસેસરીઝની જેમ, રાધિકાનો બ્યુટી લુક પણ તાજગીભર્યો અને કુદરતી હતો. તેણે હાફ-ટાઈ સ્ટાઈલમાં નરમ મોજામાં તેના વાળ ખુલ્લા છોડી દીધા. મેકઅપની વાત કરીએ તો, તેણીએ સૂક્ષ્મ ચમક, નરમ રીતે વ્યાખ્યાયિત આંખો અને નગ્ન લિપસ્ટિકથી તેના લુકને પૂર્ણ કર્યો. આ ન્યૂનતમ મેકઅપે તેના ડ્રેસની ટેલરિંગ અને તેના કુદરતી આકર્ષણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.'શાંત લક્ઝરી'નો ટ્રેન્ડ આજકાલ ફેશન જગતમાં ખૂબ જ લોકપ્રિય છે. તેનો સીધો અર્થ એ છે કે એવા કપડાં અને સ્ટાઈલ પસંદ કરવા જે મોટા બ્રાન્ડ લોગો કે શો-ઓફનો દેખાવ ન કરે, પરંતુ તેમના શ્રેષ્ઠ ફેબ્રિક, કટિંગ અને સિલાઈ દ્વારા તેમનું મૂલ્ય અને રોયલ્ટી વ્યક્ત કરે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | ચ | ગ | એ | જ | અ | ગ | ર | ગ | ગુ | ડ | ર |
| ક | ક | તી | એ | સા | આ | બા | ઝ | મા | મ | સ | ગ |
| બિ | ચા | વા | ભા | ફ | શ | લ | ન | રી | ગ | બ | ર |
| શ | ર | તી | કા | એ | સા | ચ | મ | ચી | કા | ર | ર |
| જી | આ | કા | ધ | જ્ઞા | ધ | ઇ | સ | બ | ણા | વા | ર |
| મા | વા | પ્ર | સ | ક | ન | સા | ઇ | ક્રો | બૂ | વ | ળ |
| ગુ | લા | મ | મા | બા | તા | ગુ | મ | ના | મ | ખ | લી |
| ર | પ્રા | ધ | ધ | મા | પ | ભો | ડ | કા | ગ | વા | રી |
| ર | કી | બા | બં | ત | સ | હિ | મ | પ્રા | ક | રા | બં |
| ક | ક | કા | શ | મા | બા | ભો | રો | હિ | બિ | ણે | દા |
| ઇ | કી | દા | ણા | લ | વા | ચા | લા | બં | ર | ત | વા |
| બા | લ | સા | લ | સ | ત | ભ | ડી | ક | ગ | ક | દ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# પ્રિયંકા ચોપરા વિદેશમાં પણ પોતાની દીકરીનો ભારતીય સંસ્કૃતિ અનુસાર ઉછેર કરે છે



મુંબઈ,

પ્રિયંકા ચોપરા હવે વૈશ્વિક સ્ટાર્સમાં ગણાય છે. બોલિવૂડમાં સફળતા મેળવ્યા પછી, પ્રિયંકા છેલ્લા ઘણા વર્ષોથી હોલીવુડમાં સક્રિય છે અને સતત હોલીવુડ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે. પ્રિયંકા વૈશ્વિક સ્ટાર બની ગઈ હોવા છતાં, ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ અકબંધ છે, જે હકીકત ઘણીવાર સ્પષ્ટ થાય છે. પ્રિયંકા ઘણીવાર તેની પુત્રી માલતી મેરીને મંદિરોમાં લઈ જાય છે અને બાળપણથી જ તેને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનો પરિચય કરાવતી આવી છે. દુર્ગા સપ્તશતીમાંથી માલતીને "સર્વમંગલમાંગલ્યે શિવાય સર્વાર્થસાધિકે? શરણ્યે ત્ર્યમ્બકે ગૌરી નારાયણી નમોસ્તુ તે" મંત્ર શીખવતો એક વીડિયો હાલમાં સમાચારમાં છે.

પ્રિયંકા ચોપરા સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને વારંવાર તેની ફિલ્મો અને અંગત જીવનને લગતા ફોટા અને વીડિયો શેર કરે છે. પ્રિયંકા ચોપરા તેના પરિવાર પર પણ એટલું જ ધ્યાન કેન્દ્રિત કરે છે જેટલું તે તેની કારકિર્દી પર કરે છે. હવે, પ્રિયંકા ચોપરાએ એક વીડિયો શેર કર્યો છે જેમાં તે તેના બે વ્યક્તિત્વનું પ્રદર્શન કરે છે. પહેલામાં, તે તેની માતાની ફરજો નિભાવતી જોવા મળી હતી, તેની પુત્રી માલતીને દુર્ગા સપ્તશતી મંત્ર શીખવતી જોવા મળી હતી. બીજામાં, તે ખૂબ જ પાર્ટી કરતી જોવા મળી હતી.પ્રિયંકા ચોપરાના વિડિઓ પર અન્ય સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ તેમજ ઘણી સેલિબ્રિટીઓ તરફથી પ્રતિક્રિયાઓ આવી છે. શ્રીમયી રેડ્ડી, રિદ્ધિમા પંડિત, દ્રષ્ટિ ખરબંદા અને અન્ય લોકોએ લાલ હૃદયવાળા ઈમોજી સાથે પ્રતિક્રિયા આપી.

# બિગ બોસ ૨૦ નું પ્રીમિયર ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ થશે

મુંબઈ,

બિગ બોસના નિર્માતાઓએ પુષ્ટિ આપી છે કે નવી સીઝન ૬ સપ્ટેમ્બરના રોજ JioHOstar અને Colors TV પર પ્રીમિયર થશે. જાહેરાતની સાથે, સલમાન ખાન દર્શાવતા એક નવા ટીઝરમાં સંકેત આપવામાં આવ્યો છે કે આ સીઝન એક નવું ફોર્મેટ રજૂ કરી શકે છે.

સુપરસ્ટારે પ્રોમોમાં પોતાની અને શાહરૂખ ખાનની ૧૯૯૫ની ફિલ્મ કરણ અર્જુનનો પણ ઉલ્લેખ કર્યો છે.આ સાથેજ સલમાન ખાન એક રહસ્યમય સંકેત પણ આપે છે

JioHOstar દ્વારા શેર કરાયેલ પ્રોમોમાં, સલમાન ખાન કહે છે, 'જો કરણ અર્જુન મેં હુઆ થા, વો અબ બિગ બોસ મેં હોગા. તથાસ-ટુ.'જ્યારે નિર્માતાઓએ સંવાદનો અર્થ શું છે તે સમજાવ્યું નથી, ટીઝર પહેલાથી જ શોના ફોર્મેટ વિશે ચાહકોમાં અટકળો ફેલાવી ચૂક્યું છે.

'એક સે ભલે દો' પ્રશ્નો ઉભા કરે છે.સોશિયલ મીડિયા પર પ્રોમો શેર કરતા, JioHOstar તેને કેપ્શન આપ્યું: 'એક સે ભલે દો.. #BiggBoss ૬ સપ્ટેમ્બરથી #JioHOstar અને #ColorsTV પર શરૂ થાય છે.'સલમાન ખાનના સંવાદ અને કેપ્શન બંનેમાં 'બે' પર વારંવાર ભાર મૂકવામાં આવતા ઘણા દર્શકો એવું માનતા થયા છે કે સ્પર્ધકો જોડીમાં ઘરમાં પ્રવેશ કરી શકે છે. જોકે, નિર્માતાઓએ આવા કોઈ ટ્વિસ્ટની સત્તાવાર પુષ્ટિ કરી નથી.સ્પર્ધકોની યાદી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી

પ્રીમિયરની તારીખ જાહેર કરવા ઉપરાંત, નિર્માતાઓએ સ્પર્ધકોની લાઈન-અપ અથવા સીઝન માટે થીમ જાહેર કરી નથી. લોન્ચ માટે કાઉન્ટડાઉન શરૂ થતાં આગામી દિવસોમાં વધુ વિગતો અપેક્ષિત છે.સલમાન ખાન, જેમણે ઘણી સીઝન માટે બિગ બોસનું આયોજન કર્યું છે, તે ફરી એકવાર રિયાલિટી શોના ચહેરા તરીકે પરત ફરશે.છેલ્લી સીઝન વિશે- બિગ બોસ ૧૯ ૧૦૦ દિવસથી વધુના ઘટનાપૂર્ણ પ્રદર્શન પછી સમાપ્ત થયું, જેમાં અભિનેતા ગૌરવ ખન્ના વિજેતા તરીકે ઉભરી આવ્યા. સલમાન ખાન દ્વારા હોસ્ટ કરાયેલ, સીઝન ગૌરવે ગ્રાન્ડ ફિનાલેમાં ફરહાના ભટ્ટને હરાવીને ટ્રોફી ઉપાડી અને ૫૦ લાખ રૂપિયાનું રોકડ ઈનામ ઘરે લઈ ગયા. પ્રણિત મોરે, તાન્યા મિત્તલ અને અમલ મલિકે પણ અઠવાડિયાના કાર્યો, નામાંકન અને એલિમિનેશનમાંથી બચી ગયા પછી ફાઈનલિસ્ટની યાદીમાં સ્થાન મેળવ્યું.

# જામનગરમાં વીએચપી-દુર્ગાવાહિની અને માતૃશક્તિ દ્વારા જયા પાર્વતી જાગરણ કાર્યક્રમ યોજાયો





જામનગર : વિશ્વ હિન્દુ પરિષદ - દુર્ગાવાહિની અને માતૃશક્તિ જામનગર દ્વારા જયાપાર્વતી વ્રતના જાગરણ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્રતની ભક્તિ, ભારતીય સંસ્કૃતિ અને સંગઠનની શક્તિના અનોખા સંગમ સમો આ ઉત્સવ ગુલાબનગર, સાંઢિયા પુલ પાસે આવેલા યોગેશ્વર મહાદેવ મંદિર ખાતે વરસતા વરસાદ વચ્ચે ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

આજના સમયમાં જે રીતે સોશિયલ મીડિયા અને ઓટીટીનું ચલણ વધી રહ્યું છે ત્યારે આપણી ભારતીય સંસ્કૃતિ,વ્રત પરંપરા અને સંસ્કારોનું જતન થાય તે ઉદેશ્યથી આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં બહેનો માટે વિવિધ ધાર્મિક અને ઐતિહાસિક પાત્રની વેશભૂષા, રાસગરબા સ્પર્ધા અને વિવિધ દેશી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન રાધે ક્રિષ્ના વાળા પૂજ્ય હરિબાપુના પાવન આશીર્વચન પ્રાપ્ત થયા હતા, તેમણે ભારતીય સંસ્કૃતિ, વ્રત-તપનું મહત્વ અને નારી શક્તિના સંગઠન પર વિશેષ ભાર મૂકી અને શપથ લેવડાવ્યા હતા.જ્યારે દુર્ગાવાહિની પ્રાંત ટોળી સદસ્ય કૃપા બેન લાલ દ્વારા દુર્ગાવાહિની પરિચય આપી આવનારા સમયની માંગ અનુસાર દીકરીઓને સ્વ રક્ષણ માટે દુર્ગાવાહિની સાથે જોડવા માટે આહવાન કર્યું હતું.આ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે દુર્ગાવાહિની બહેનો સ્નેહના ચૌહાણ અને નવ્યાબા ચૌહાણ દ્વારા શૌર્ય પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આપણી પરંપરાગત શૈલી અનુસાર ઢોલના તાલ સાથે ગરબા અને હનુમાન ચાલીસા ગાઈને સંઘ પરિવાર માંથી રાજભાઈ અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમમાં ભારતીય પરંપરાગત શૈલીની છણાવટ આપી હતી.

આ તકે કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદ માતૃશક્તિ સૌરાષ્ટ્ર પ્રાંત ટોળી સદસ્ય હીનાબેન અગ્રાવત, અને સ્થાનિક મીરાબેન વડગામાએ ભારે જહમત ઉઠાવી હતી.વ્યવસ્થામાં બજરંગદળ મહાનગર સહ સંયોજક ધ્રુમિલ ભાઈ લંબાટે, સુરક્ષા પ્રમુખ દીપક ભાઈ ચુડાસમા અને બલોપાસના પ્રમુખ મિહિર ભાઈ શીખલીયા તેમજ તેમની ટીમ હાજર રહ્યા હતા. વરસતા વરસાદ વચ્ચે કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સ્થાનિક રહેવાસી દેવિકા પાન વાળા શામજીભાઈ ચૌહાણ અને મોહિતભાઈ ચૌહાણ દ્વારા તાત્કાલિક જગ્યાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. જેથી બહોળી સંખ્યામાં બહેનો જાગરણનો લાભ લઈ શકે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન દુર્ગાવાહિની માંથી અર્પિતાબેન અને પાલકબેન દ્વારા કરવામાં આવ્યું હતું અને સૌની ઉપસ્થિતિ અને ઉત્સાહથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને સાંસ્કૃતિક રંગોથી રંગાઈ ગયું હતું.

# પંડિત દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળામાં ૪૦ લાખનો ચેક અર્પણ

## દેશના વીર જવાનો અને તેમના કલ્યાણ અર્થે જામનગર નિવાસી અધિક કલેક્ટરને ચેક સોંપાયો



જામનગર : દેશની સરહદોની સુરક્ષા તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓના સમયે રાષ્ટ્રસેવામાં સતત તત્પર રહેતા સશસ્ત્ર દળોના જવાનો તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે પંડિત દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા 'સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ'માં રૂ.૪૦ લાખનું આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે.

દીનદયાલ પોર્ટ ઓથોરિટીના અધિકારીશ્રી દ્વારા આ રૂ. ૪૦ લાખનો ચેક નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી તથા જિલ્લા સૈનિક બોર્ડ, જામનગરના હેડ ક્લાર્ક મનુભાઈ પરમારને વિધિવત રીતે સુપ્રત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સશસ્ત્ર દળોના જવાનો અને તેમના પરિવારજનોના કલ્યાણ અર્થે દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલા આ સહયોગની પ્રશંસા કરવામાં આવી હતી. નોંધનીય છે કે, સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ દેશના વીર જવાનો, ભૂતપૂર્વ સૈનિકો, શહીદોના પરિવારજનોના પુનર્વસન તેમજ દિવ્યાંગ સૈનિકોના કલ્યાણ અર્થે કરવામાં આવે છે.

દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ રાષ્ટ્રસેવા અને સામાજિક જવાબદારી પ્રત્યેની પોતાની કટિબદ્ધતા નિભાવતાં આ આર્થિક સહયોગ દ્વારા સશસ્ત્ર દળો પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી છે.

# ચાંપાબેરાજા પ્રાથમિક શાળા ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી





જામનગર : ચાંપાબેરાજા પ્રાથમિક શાળા ખાતે ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરા અનુસાર ગુરુપૂર્ણિમાનો પાવન ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલા આ કાર્યક્રમમાં ગુરુ-શિષ્યના અતૂટ સંબંધ અને મહિમાને ઉજાગર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની વિશેષતા એ રહી કે, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે મહાપ્રસાદ/ભોજનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ વિદ્યાર્થીઓએ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય દશરથસિંહ કે. જાડેજાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાના શિક્ષકગણ જીગ્નેશભાઈ પંડ્યા, જીગ્નેશભાઈ સાધરિયા અને જ્યોતિબેન બદીયાળીએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ ઉત્સવમાં ગામના અગ્રણી વડીલ અનોપસિંહ નાનપણ જાડેજા, ભૂતપૂર્વ એસ.એમ.સી. અધ્યક્ષ દેવુભા જાડેજા આંગણવાડીના મુખ્ય કાર્યકર હીનાબા જાડેજા તથા સહકાર્યકર તેમજ ગામના વડીલ માતાઓ અને ગ્રામજનોએ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઝહરા ફાઉન્ડેશન દ્વારા માઈનોરીટી વિદ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ટાઉનહોલ ઓડિટોરિયમ ખાતે ઝહેરા ફાઉન્ડેશન દ્વારા માઈનોરીટી સમાજના વિદ્યાર્થીઓનું ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ સન્માન સમારોહમાં ધોરણ ૧૦, ૧૨ અને સ્નાતક તેમજ અનુસ્નાતક થયેલ માઈનોરીટી સમાજના ડોક્ટર, એડવોકેટ, એન્જિનિયર જેવી ઉચ્ચ ડિગ્રી મેળવેલ કુલ ૪૭૨ હોનહાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ.

આ વિદ્યાર્થી સન્માન સમારોહમાં ખાસ કરીને જામજોધપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવા, પૂર્વ કાયદા મંત્રી એમ.કે.બ્લોચ સાહેબ, સિનિયર એડવોકેટ વી. એચ.કનારા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્ય મનોજભાઈ અનડકટ, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, પ્રિન્સિપલ તોસીફખાન પઠાણ, શાસક પક્ષ નેતા અમરભાઈ મોદી, એડવોકેટ રાજેસભાઈ ગોસાઈ, ડો. માકડા, ડોક્ટર નાગોરી, રતનભાઈ કન્યા વિદ્યાલયના સંચાલક ચંદ્રિકાબેન બારદાન વાલા, ઓશવાળ હોસ્પિટલના ટ્રસ્ટી રીતેશભાઈ, ઈન્કમ ટેક્ષ ઓફિસર અયુબખાન પઠાણ, વોર્ડ નંબર ૧૩ ના કોર્પોરેટર ધવલભાઈ નાખવા, ડોક્ટર હીગોરા, ડોક્ટર તબંસુમબેન, ડોક્ટર અનિક, ડોક્ટર સોયબ દલ, ડોક્ટર સુનેરા દલ, પ્રિન્સિપલ જુબેદાબેન ખીરા, એડવોકેટ જાકીરભાઈ કોરેજા, એડવોકેટ આનંદભાઈ ગોહિલ, એડવોકેટ ગાગદાણી, આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ વશરામભાઈ અને શહેર પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢા, પ્રકાશભાઈ પટેલ, મેમણ સમાજના આગેવાન હાજી આમદભાઈ ફૂલવડી, ફિરદોશબેન ફુલવાળા, પટણી જમાત પ્રમુખ જુસબભાઈ, પીંજારા જમાતના આગેવાન હારુનભાઈ ( અલ્લુ પટેલ ), વેહવારિયા જમાત પ્રમુખ ફિરોજભાઈ, કસાઈ જમાતપ્રમુખ સબીરભાઈ, આરબ જમાત પ્રમુખ રોજાભાઈ, સંધિ સમાજના પ્રમુખ હાજી રિઝવાનભાઈ જુણેજા, સીદી જમાત પ્રમુખ ઈકબાલભાઈ, વહેવારીયા જમાત આગેવાન મકસુદભાઈ, મહેમુદભાઈ, ગફારભાઈ, સુમરા સમાજના આગેવાન ઈકબાલભાઈ ખફી, અનવરભાઈ ઘટકાઈ, હુસેનભાઈ ખેરાણી, મુનાફભાઈ ખફી, રાજકોટ સુમરા સમાજના પ્રમુખ રમેશભાઈ કટારમલ, સામાજીક કાર્યકર જાકીર સર, રંજનબેન ગજેરા, સૈફબાપુ હાજર રહેલા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા ઝહરા ફાઉન્ડેશનની પૂરી ટીમે ખૂબ જ ઝેહમત ઉઠાવેલ હતી

# જામનગર જિલ્લામાં આગામી તહેવારોને અનુલક્ષીને હથિયારબંધી જાહેર

જામનગર : આગામી દિવસોમાં સ્વાતંત્રતા દિવસ, ઈદ-એ-મિલાદ તેમજ રક્ષાબંધ જેવા તહેવાર આવનાર છે. જેને ધ્યાને લેતા જામનગર જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર જિલ્લામાં આગામી તા. ૧-૯ સુધી હથિયારબંધી જાહેર કરવામાં આવી છે.

આ સમયગાળા સુધી કોઈપણ વ્યક્તિએ શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી, લાઠી તેમજ શારીરિક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધન, કોઈપણ પ્રકારના ક્ષયકારી અને સ્ફોટક દારૂગોળો જેવા પદાર્થો, પથ્થરો અને ફેંકી શકાય તેવી વસ્તુઓ, ધકેલવાના યંત્રો, મનુષ્ય અથવા તેના શબ, આકૃતિઓ કે પૂતળાં દેખાડવા કે બાળવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સૂત્રો પોકારવા, ગીતો ગાવા, ટોળામાં ફરવું, પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપિંગ મોલ, સિનેમા હોલ અને એમ.પી. શાહ મ્યુનિ. ટાઉનહોલમાં પ્રવેશ કરવો- આવી તમામ પ્રવૃતિઓ પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિમલ ચૌધરી જામનગર દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

આ જાહેરનામાંનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા, ઓછામાં ઓછાં ૪ મહિનાની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે.

આ જાહેરનામું ફરજ પરના હાજર અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, હોમ ગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો જેઓને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય, સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જેઓ હથિયાર ધરાવતા હોય, શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી હોય, પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓ, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજા, યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓએ દંડ રાખેલા હોય, પોલીસ અધિક્ષક અથવા તેમણે નિયુક્ત કરેલા અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલી હોય અને કિરપાણ રાખેલા શીખને લાગુ પડશે નહિ. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

# સલાયા રેફરલ હોસ્પિટલમાં ફ્રી મેગા મેડિકલ કેમ્પ યોજાયો



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : ગુરુવારના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર સલાયા ખાતે ગુજરાત સરકારના આયુષ્માન ભવ કાર્યક્રમ અંતર્ગત જીજી હોસ્પિટલ જામનગર ખાતેથી નિષ્ણાંત તબીબોની ટીમ સલાયા ખાતે દર્દીઓની સેવા માટે આવેલ હતી. જેમાં મેડિસન વિભાગ, સર્જરી વિભાગ,ચામડી વિભાગ, બાળકોના વિભાગ, આંખ કાન નાક ગળા તેમજ માનસિક રોગો તથા દાંતને લગતા રોગોના નિષ્ણાત તબીબો હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં સલાયા તથા આસપાસના ગામોમાં રહેતા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ તકે સામૂહિક આરોગ્ય કેન્દ્ર સલાયાના અધિક્ષક ડૉ રિયાઝ પરમાર અને ડો યાદવ દ્વારા સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં દર્દીઓને સહાયરૂપ બનવા સલાયા શહેર ભાજપ પ્રમુખ લાલજીભાઈ ભુવા, મહામંત્રી સુમિત લાલ, આરોગ્ય કલ્યાણ સમિતિના અરવિંદભાઈ ભટ્ટ તેમજ વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા.

# આંગણવાડીના બાળકો સાથે જન્મદિવસની અનોખી ઉજવણી



જામનગર : જામનગરના સેવાભાવી યુવા અગ્રણી અને પત્રકાર રાજેશભાઈ પરમારે અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરી હતી. જેમાં તેઓએ આંગણવાડીના બાળકોને શૈક્ષણિક રમકડાં, રમકડાંની કિટ્સ અને સરકારી શાળામાં સવારે પૌષ્ટિક નાસ્તો, ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદોને ભોજન પીરસી ભુલકાંઓના ચહેરા પર સ્મિત રેલાવ્યું હતું.

રાજેશભાઈ પરમારે પોતાના જન્મદિવસની દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ અનોખી અને પ્રેરણાદાયી રીતે ઉજવણી કરી છે.

તેઓ દર વર્ષે પોતાના બર્થ-ડે પર સમાજ ઉપયોગી અને કંઈક અલગ જ સેવાકીય કાર્યો કરવા માટે જાણીતા છે. બે વર્ષ પહેલાં તેમણે પોતાના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ (બ્લડ ડોનેશન કેમ્પ) તથા સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કર્યું હતું, જ્યારે ગત વર્ષે ૧ ઓગસ્ટના રોજ વિશ્વપ્રસિદ્ધ શ્રી બાલા હનુમાન મંદિરની અખંડ રામધૂનના ૬૨મા વર્ષના પ્રવેશ પ્રસંગે વિશેષ રામધૂનનું આયોજન કર્યું હતું.

આ વર્ષે પણ પોતાની આ સેવાકીય પરંપરાને આગળ ધપાવતા તેમણે ઝૂંપડપટ્ટી વિસ્તારના જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવ્યું હતું. આ ઉપરાંત સરકારી સ્કૂલમાં બાળકો માટે પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા કરી હતી અને આંગણવાડીમાં નાના નાના ભુલકાંઓને વિવિધ પ્રકારના જ્ઞાનવર્ધક શૈક્ષણિક રમકડાંનું વિતરણ કર્યું હતું. જેમાં ૧ થી ૧૦ના આંકડા અને A to Z ની ઓળખ કરાવતા રમકડાં. જેસીબી, ટ્રક, કાર, પોલીસ કાર, ફાયર ટ્રક, ૧૦૮ એમ્બ્યુલન્સ, સ્કૂલ બસ અને મિલિટ્રી કાર જેવા વાહનોના મોડેલ.પાલતુ પ્રાણીઓ, જંગલી પ્રાણીઓ, દરિયાઈ જીવો તથા વિવિધ પક્ષીઓના રમકડાં. ફળ અને ફ્રૂટ્સની ઓળખ માટેના રમકડા, નાની બાળકીઓ માટે વાસણ અને રસોડાની વસ્તુઓની ઓળખ આપતા રમકડાં, કેન્ડી ફ્લેવર સેટ અને મનપસંદ બાર્બી ડોલ. માઈન્ડ ગેમ્સ, અને સ્પોર્ટ્સ સાધનોની ઓળખ આપતા રમકડાં આ તમામ ઉપહારો મેળવીને નાના નાના ભુલકાંઓના ચહેરા પર અનેરી ખુશી અને મુસ્કાન જોવા મળી હતી.

# સિક્કા ટીપીએસ ખાતે ૧૯મી કેરમ ટુર્નામેન્ટ સંપન્ન, વિજેતા ટીમોને સન્માનિત કરાઈ



જામનગર : જી.એસ.ઈ.સી.એલ ટી.પી.એસ. સીકકા ખાતે ૧૯ મી ઈન્ટર ટી.પી.એસ. કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગુજરાતના વિવિધ પાવર સ્ટેશનની ટિમોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

ટુર્નામેન્ટ ટીપીએસ સિક્કાના વડા અને ચીફ એન્જીનયર એચ.ડી. મૂંધવા, સુપ્રી.એન્જી. ડી.કે વસાવા, એસ.એચ. કહાર, એન.આર.પટેલ, આર.એન.પટેલ, આઈ.એ.નવાબ, ડી.જી.એમ. રેખાબા ઝાલા, સી.ઓ.એ. પી.જી.બાવીશી, મેડિકલ ઓફિસર તન્મય જે.રાદડિયા, ઈન્ચાર્જ સુપ્રી.એન્જી. બી.ડી.સનારીયા, ડી.આર.રાઠોડ, આઈ.આર.ઓ. ટી.એમ.ઠાકરિયા, ચીફ કેમીસ્ટ હીતુભા જાડેજા, ઈન્ચાર્જ એલ.ડબલ્યુ.ઓ. આર.કે.મેહતા, ડેપ્યુ.સી.ઓ.એ. એમ.ડી.દોશી અને અન્ય ઉચ્ચ અધિકારીગણ, કર્મચારીઓ, સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન ક્લબ ટીપીએસ સિક્કા ના હોદેદારો , ખેલાડીઓ અને કોલોની પરિવારજનો હાજર રહેલા. પાવર સ્ટેશનના વડા એચ.ડી. મૂંધવા દ્વારા દીપ પ્રાગટય કરી ટુર્નામિન્ટનો શુભારંભ કરેલ અને પ્રાસંગિક ઉદબોધન તથા સર્વે ખેલાડીઓ નું સ્વાગત કરેલ અને વિધિવત રીતે કેરમ ટુર્નામિન્ટનો શુભારંભ કરાવેલ.

કેરમ ટુર્નામિન્ટ પુરુષ ડબલ્સમાં ઉકાઈ પાવર સ્ટેશન વીજેતા થયું, રનૅશપમાં ધુવારણ પાવર સ્ટેશન વીજેતા થયું પુરુષ સિંગલમાં ધુવારણ પાવર સ્ટેશન વીજેતા થયું પુરૂષ રનૅશપમાં ઉકાઇ પાવર સ્ટેશન વીજેતા થયું મહિલા ડબલ્સમાં કોર્પોરેટ ઓફીસ વડોદરા વીજેતા, ડબલ્સ રનૅશપમાં વણાકબોરી પાવર સ્ટેશન વીજેતા મહિલા સિંગલમાં કોર્પોરેટ ઓફીસ વડોદરા વીજેતા રનૅશપમાં વણાકબોરી પાવર સ્ટેશનના ખેલાડીઓ વિજેતા બનેલ. સમગ્ર ટુર્નામેન્ટ માં ચીફ રેફરી તરીકે કિશોરભાઈ મહેતા એ સેવા આપેલ સર્વે વિજેતાઓને ટ્રોફી અને ઇનામ વિતરણ કરી ટુર્નામેન્ટ નું સમાપન કરવામાં આવેલ.

આ કેરમ ટુર્નામેન્ટના આયોજનમાં સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન ક્લબ સિક્કા વાય.બી જાડેજા, ડી.એમ.ઝાલા, વી.એચ. રાજયગુરૂ, પી.એમ.જેઠવા, જે.આર.કંચવા, બી.આઈ.ગઢવી, ડી.જી.બારડ, આર.એન.જાડેજા, ડી.આર.નાગાણી, આર.ડી.હનોરા, ડી.એચ.નકુમ વિગેરે સભ્યો તથા સ્વયંમસેવક જહેમત ઉઠાવેલ અને આયોજનને સફળ બનાવેલ તેમ એન.ડી. ત્રીવેદીની યાદીમાં જણાવેલ છે.

# હાપા જલારામ મંદિરે કાલે સાયબર અંગે સેમિનાર

જામનગર : આજના ડિજિટલ યુગમાં સતત વધી રહેલા સાયબર ફ્રોડ અને ઓનલાઈન ઠગાઈના બનાવોને ધ્યાનમાં રાખીને હાપા સ્થિત શ્રી જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા જનજાગૃતિ માટે સાયબર સુરક્ષા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનાર તા. ૬-૮ ગુરુવારના રોજ સાંજે ૭ વાગ્યે હાપા સ્થિત શ્રી જલારામ મંદિરના પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના સચિવ એ. એમ. શુકલ તથા સાયબર ક્રાઈમ પોલીસના કર્મચારી કુલદીપસિંહ જાડેજા અને તેમની ટીમ સાયબર સુરક્ષા, ઓનલાઈન ઠગાઈથી બચવાના ઉપાયો અને કાનૂની માર્ગદર્શન અંગે વિસ્તૃત માહિતી આપશે.

શ્રી જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા ખાસ કરીને વડીલો સહિત તમામ નાગરિકોને આ સેમિનારમાં હાજર રહી સાયબર સુરક્ષા અંગે ઉપયોગી માહિતી મેળવી ડિજિટલ ઠગાઈથી સુરક્ષિત રહેવા અપીલ કરવામાં આવી છે.

# જામનગર ગાયત્રી શક્તિપીઠમાં તા. ૮ના આયુ. નિઃશૂલ્ક કેમ્પ

જામનગર : શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગરમાં દર મહિનાના બીજા શનિવારે પ્રજ્ઞા જનસેવા ટ્રસ્ટ સંચાલિત તત્સત નેચર ક્યોર એન્ડ રિસર્ચ સેન્ટર, મોટા ખીજડીયા, તા. ટંકારા, જી. મોરબી દ્વારા આયોજિત નિઃશુલ્ક આયુર્વેદિક ઓપીડી હોમિયોપેથીક ઓપીડી તેમજ નેચરોપેથી જેવી પધ્ધતિના માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં ખભાનો દુખાવો, આર્થરાઈટીસ, સ્થૂળતા(ઓબેસિટી), ડાયાબીટીશ, કમરનો દુખાવો, ઘૂંટણનો દુઃખાવો તેમજ અન્ય સાંધાના દુખાવા, કબજિયાત જેવી અન્ય પેટની તકલીફ, બ્લડ પ્રેશર, થાયરોઈડ, ચામડીના રોગો, સ્ત્રી રોગો, માનસિક રોગો જેવી ઘણી બીમારીઓ માટે નિદાન અને માર્ગદર્શન ઉપલબ્ધ રહેશે અને દવા લખી આપવામાં આવશે. પ્રથમ કેમ્પ તા.૮-૮-૨૦૨૬ ના શનિવારે સવારે ૯ થી ૧ દરમ્યાન રાખવામા આવેલ છે.

નિદાન અને માર્ગદર્શન મેળવવા ઈચ્છતા દર્દીઓએ તા.૭-૮-૨૦૨૬ સાંજે ૬ વાગ્યા સુધીમાં નીચે જણાવેલ નંબર પર કોલ કરીને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી બનશે. આ કેમ્પ શ્રી ગાયત્રી શક્તિપીઠ, શરૂ સેકશન રોડ, શિવમ પેટ્રોલ પંપ પાછળ, જામનગર ખાતે યોજાશે. વધુ માર્ગદર્શન માટે ૮૮૫૮૮ ૪૦૧૪૦, ૦૨૮૮ ૨૭૧૦૦૪૧, ૦૨૮૮ ૨૭૧૦૮૮૮ સંપર્ક કરવા અનુરોધ કરેલ શ્રી ગાયત્રી શક્તિપીઠ, જામનગર દ્વારા કરવામાં આવે છે.

# સપા હંમેશા સનાતન વિરોધી, રામ જન્મભૂમિ ચળવળનો પણ સતત વિરોધ કર્યો : મુખ્યમંત્રી યોગી

## સંતોનું અપમાન કરવું એ શ્રદ્ધાનું અપમાન છે અને વિપક્ષ આ મુદ્દાનું રાજકારણ રમે છે

લખનૌ,

ઉત્તર પ્રદેશ વિધાનસભાના ચોમાસા સત્ર દરમિયાન રામ મંદિરમાં પ્રસાદની ચોરીના મુદ્દા પર વિપક્ષના હોબાળા વચ્ચે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. તેમણે એક પત્રકાર પરિષદમાં કહ્યું, "રામ મંદિરમાં જે કંઈ બન્યું તેનો સંતો સાથે કોઈ સંબંધ નથી. સંતો પર કેસ ચલાવવો અત્યંત ચિંતાજનક છે અને આસ્થા પર હુમલો છે."

રામ ભક્તો સંપૂર્ણ સત્ય જાણે છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી આ મુદ્દાનું રાજકારણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે સપા હંમેશા સનાતન વિરોધી રહી છે અને આ જ લોકોએ રામ જન્મભૂમિ ચળવળનો સતત વિરોધ કર્યો છે.

યોગી આદિત્યનાથે કહ્યું કે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ રામ લલ્લાના અભિષેક સમારોહમાં દરેકને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ વિપક્ષી નેતાઓ હાજર રહ્યા ન હતા. હવે, તે જ લોકો શ્રદ્ધા વિશે વાત કરી રહ્યા છે. તેમણે કહ્યું, "જે લોકોએ અયોધ્યાના રસ્તાઓ લોહીથી રંગ્યા છે તેઓ આજે શ્રદ્ધાની વાત કરી રહ્યા છે. જેઓ ભગવાન કૃષ્ણમાં માનતા નથી તેઓ આજે ધર્મનું પણ અપમાન કરી રહ્યા છે."તેમણે કહ્યું કે આ કેસમાં એસઆઈટીની રચના કરવામાં આવી છે. કેમેરામાં દેખાતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન, સુપ્રીમ કોર્ટે એસઆઈટીની પુનર્ગઠન કરવાની હાકલ કરી હતી. એસઆઈટી તપાસમાં કોઈ સંત અને ઋષિઓ દોષિત ન જણાયા. આવી પરિસ્થિતિઓમાં, સંતો અને ૧,૧૦૦ કર્મચારીઓ સામેના આરોપો આશ્ચર્યજનક છે. આ આરોપો સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવી રહ્યા છે, જેમણે સતત રામ જન્મભૂમિ અને ભગવાન રામનું અપમાન કર્યું છે.

તેમણે કહ્યું કે સમાજવાદી પાર્ટીએ એક સમયે પવિત્ર સરયુ નદીને લોહીથી રંગી હતી. સંસદમાં સપા અને કોંગ્રેસના સાંસદો દ્વારા લગાવવામાં આવેલા આરોપો સનાતન ધર્મનું સીધું અપમાન હતું. તેમનું આચરણ સનાતન ધર્મ વિરોધી છે. આ કેસમાં ધરપકડ કરાયેલા લોકોનો ભાજપ કે સંતો સાથે કોઈ સંબંધ નથી. આ લોકોએ હંમેશા રામ મંદિરનો વિરોધ કર્યો છે. આ એ જ લોકો છે જેમણે આમંત્રણ હોવા છતાં,



૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ રામ લલ્લાના અભિષેકમાં હાજરી આપી ન હતી. શ્રદ્ધાની ચર્ચા કરનારાઓ એવા છે જેમણે સતત હિન્દુઓ અને સનાતન પરંપરાઓને કઠેડામાં ઉભા કર્યા છે. આ લોકો ચર્ચાથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# ૨૦૧૯ થી અત્યાર સુધીમાં ૩૬ દેશોમાંથી ૨૭૪ ફરાર ગુનેગારોને ભારત પરત લાવવામાં આવ્યા

નવી દિલ્હી,

ફરાર ગુનેગારો સામે નિર્ણાયક વલણ અપનાવતા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, ભારતે ૨૦૧૯ થી અત્યાર સુધીમાં ૩૬ દેશોમાંથી ૨૭૪ ફરાર ગુનેગારોને પરત લાવ્યા છે. ફરાર ગુનેગારો સામેની કાર્યવાહીને મજબૂત કરવા માટે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં પલાયનવાદી આર્થિક અપરાધી કાયદો લાગુ કર્યો હતો. ગૃહ મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, ભારતે ફરાર ગુનેગારો સામે એક એકીકૃત, ઈન્ટેલિજન્સ-આધારિત અને ટેકનોલોજી-સંચાલિત મોડેલ વિકસાવ્યું છે, જેણે તેમની સામે કડક પગલાં લેવાનો માર્ગ મોકળો કર્યો છે અને તેમને ભારત પરત લાવવાની સુવિધા આપી છે.

૨૦૧૪ પહેલાં, દેશનું પ્રત્યાર્પણ માળખું જૂનું થઈ ગયું હતું અને ભારતની માત્ર ૩૭ દેશો સાથે પ્રત્યાર્પણ સંધિઓ હતી. આર્થિક પલાયનવાદીઓ સામે કાર્યવાહી કરવા અથવા તેમની સંપત્તિ જપ્ત કરવા માટે કોઈ સમર્પિત કાયદો પણ નહોતો. ૨૦૦૪ થી ૨૦૧૩ વચ્ચે, ભારત સરેરાશ પ્રતિ વર્ષ માત્ર ચાર ફરાર ગુનેગારોનું પ્રત્યાર્પણ મેળવવામાં સફળ રહ્યું હતું, જ્યારે ૧૧૦ પ્રત્યાર્પણ વિનંતીઓ પેન્ડિંગ રહી હતી. આ ઉપરાંત, અપૂર્ણ દસ્તાવેજીકરણ અને ધીમી પ્રક્રિયાએ પ્રત્યાર્પણ પ્રક્રિયાને અત્યંત બોજરૂપ બનાવી દીધી હતી, જે ઘણીવાર વિદેશી અદાલતો દ્વારા પ્રત્યાર્પણની વિનંતીઓને ફગાવી દેવા તરફ દોરી જતી હતી. ભારતના પ્રત્યાર્પણના પ્રયાસોને કાનૂની અને ન્યાયિક અડચણોનો પણ સામનો કરવો પડ્યો હતો, જેમાં બેવડી આફત અને ડ્યુઅલ ક્રિમિનાલિટીના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે, જેના પરિણામે પ્રત્યાર્પણની વિનંતીઓ વારંવાર અસ્વીકાર થતી હતી. વધુમાં, ગૃહ મંત્રાલય અને અન્ય વિભાગો વચ્ચે અસરકારક સંકલન અને એકીકૃત વ્યૂહરચનાનો અભાવ પ્રગતિમાં અવરોધરૂપ બન્યો હતો. ફરાર ગુનેગારો અંગેની માહિતી શેરિંગ, લોકેશન ટ્રેકિંગ અને રેડ કોર્નર નોટિસ જારી કરવાની કામગીરી પણ ધીમી ગતિએ ચાલતી હતી.

# એર ઈન્ડિયાની ફુકેટ-દિલ્હી ફ્લાઈટ તીવ્ર ઉથલપાથલને કારણે ૩૦૦ ફૂટ નીચે પડી

નવી દિલ્હી,

મંગળવારે ફૂકેટથી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક અશાંતિપૂર્ણ ઘટના બની હતી, જેના કારણે વિમાન ૩૦૦ ફૂટ ઊંચાઈ પર નીચે પડી ગયું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૨ મુસાફરો અને ક્રૂ સભ્યોને નાની ઈજાઓ થઈ હતી.

એક નિવેદનમાં, એરલાઇને જણાવ્યું હતું કે ૪ ઓગસ્ટના રોજ ફૂકેટથી દિલ્હી જતી ફ્લાઇટ AI2379 માં ક્રૂઝિંગ દરમિયાન એક ટૂંકી અશાંતિનો અનુભવ થયો હતો, જેના કારણે ઊંચાઈમાં ક્ષણિક ઘટાડો થયો હતો.

વિમાન હવામાં ૩૦૦ ફૂટ નીચે પડી ગયું હતું

ફ્લાઈટ ટ્રેકિંગ સાઈટ flightradar24.com અનુસાર, વિમાન લગભગ ૩૦૦ ફૂટ નીચે ઉતર્યું હોવાનું જાણવા મળ્યું છે, જે સંભવતઃ અશાંતિ અથવા અપડ્રાફ્ટ/ડાઉનડ્રાફ્ટને કારણે હતું.

ફ્લાઈટ સવારે ૮:૨૫ વાગ્યે ફુકેટથી રવાના થઈ હતી અને સવારે ૧૧:૫૦ વાગ્યે (ભારતીય માનક સમય) દિલ્હીમાં સુરક્ષિત રીતે ઉતરી ગઈ હતી. ઉતરાણ પછી બધા મુસાફરો અને ક્રૂ સુરક્ષિત રીતે નીચે ઉતરી ગયા હતા.

એર ઈન્ડિયાએ કહ્યું કે કોઈ ગંભીર ઈજાઓ થઈ નથી. જોકે, એરલાઈનની મેડિકલ ટીમ દ્વારા થોડી સંખ્યામાં મુસાફરો અને ક્રૂ સભ્યોને સાવચેતી મૂલ્યાંકન અને સારવાર માટે એરપોર્ટ પર તબીબી સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા.

"અમારા મુસાફરો અને ક્રૂની સલામતી અને સુખાકારી એર ઈન્ડિયાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# પીએમ મોદીનો વીડિયો હટાવવો મેટા માટે મોંઘો સાબિત થયો : સરકારે કંપનીની ગ્લોબલ ટીમને બોલાવી

## મેટા જેવી કંપનીઓએ ખાતરી કરવી જોઈએ કે તેમની સિસ્ટમ અપેક્ષા મુજબ કાર્ય કરે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ફેસબુક વીડિયો હટાવવા અંગે મેટા અધિકારીઓને સમન્સ પાઠવ્યા છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણને મંગળવારે જાહેરાત કરી હતી કે સરકારે ૫-૬ ઓગસ્ટના રોજ મેટાની વૈશ્વિક ટીમને ભારત આવવા આમંત્રણ આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે મેટા જેવી મોટી ટેક કંપનીઓએ ખાતરી કરવી જોઈએ કે તેમની સિસ્ટમ અપેક્ષા મુજબ કાર્ય કરે.

સોમવારે અગાઉ, માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિની બેઠકમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સમિતિએ મેટા અધિકારીઓ પાસેથી જવાબો માંગ્યા હતા અને વિડિઓ દૂર કરવાના કારણ અંગે કડક પ્રશ્નો પૂછ્યા હતા. મેટાએ બેઠકમાં સ્વીકાર્યું હતું કે વડા પ્રધાનનો વિડિઓ ભૂલથી દૂર કરવામાં આવ્યો હતો અને તેના માટે માફી માંગી હતી. જો કે, સમિતિના ઘણા સભ્યોએ જણાવ્યું હતું કે ફક્ત માફી માંગવાથી મામલો ઉકેલાશે નહીં અને જવાબદારી નક્કી થવી જોઈએ.

માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિની ભાજપ સાંસદ નિશિકાંત દુબેની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. બેઠકનો મુખ્ય વિષય



સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મનું નિયમન હતું. ગૂગલ, મેટા, યુટ્યુબ, એક્સ, સ્નેપચેટ, ગૃહ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ફેસબુક વીડિયોને દૂર કરવાનો મુદ્દો મીટિંગ દરમિયાન મુખ્ય રીતે ઉઠાવવામાં આવ્યો હતો. મેટાએ જણાવ્યું હતું કે ટેકનિકલ ભૂલને કારણે વીડિયો દૂર કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

માહિતી ટેકનોલોજી પર સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ અને ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું હતું કે જો વડા પ્રધાનના વીડિયોને દૂર કરવા જેવી ઘટના બને છે, તો જવાબદારી નક્કી કરવી જોઈએ. તેમણે કહ્યું હતું કે મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે પોતે આ ઘટના માટે માફી માંગવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે જો કંપની આમ કરવામાં નિષ્ફળ જાય, તો ભારતમાં તેને આપવામાં આવેલી 'સેફ હાર્બર' સુરક્ષા પર પુનર્વિચાર કરવો જોઈએ.

# અમેરિકાના મિશિગનમાં સાયક્લોસ્પોરા ઈન્ફેક્શન લાગવાથી બે લોકોના મોત

મિશિગન,

મિશિગનમાં બે લોકોના મોત મલ્ટીસ્ટેટ સાયક્લોસ્પોરા ફાટી નીકળવાના કારણે થયા છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં ખોરાકજન્ય બીમારી સાથે જોડાયેલા આ પ્રથમ મૃત્યુ છે. મિશિગનના આરોગ્ય અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે બંને વ્યક્તિઓને ગંભીર તબીબી પરિસ્થિતિઓ હતી, અને ચેપને કારણે ડિહાઈડ્રેશન તેમના મૃત્યુમાં ફાળો આપી શકે છે.

રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો (CDC) એ પુષ્ટિ આપી છે કે તેઓ સાયક્લોસ્પોરા સંબંધિત બે મૃત્યુથી વાકેફ છે. આ વર્ષે પરોપજીવી હજારો લોકોને બીમાર પાડ્યા છે, જેમાં મિશિગનમાં ૧૧,૨૩૪ કેસ નોંધાયા છે, જેમાં ૧૯૩ હોસ્પિટલમાં દાખલ થવાનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રવ્યાપી, આ સિઝનમાં ૧૮,૦૦૦ થી વધુ કેસ ઓળખાયા છે અથવા તપાસ હેઠળ છે.

આરોગ્ય અધિકારીઓ માને છે કે ટેલર ફાર્મ્સ દ્વારા પૂરા પાડવામાં આવતા દૂષિત કાપેલા આઈસબર્ગ લેટીસ મિડવેસ્ટમાં મોટા ફાટી નીકળવાનો સંભવિત સ્રોત છે. ટેકો બેલે તેના રેસ્ટોરાં અને સપ્લાય ચેઈનમાંથી ઉત્પાદન દૂર કર્યું છે. ટેલર ફ્રેશ ફૂડ્સે મધ્ય મેક્સિકોથી આયાત કરાયેલ અસરગ્રસ્ત આઈસબર્ગ લેટીસ પણ પાછી ખેંચી લીધી છે. સાયક્લોસ્પોરા શું છે અને લક્ષણો શું છે?

સાયક્લોસ્પોરા એક સૂક્ષ્મ પરોપજીવી છે જે સાયક્લોસ્પોરિયાસિસનું કારણ બને છે, જે આંતરડાની બીમારી છે જે સામાન્ય રીતે દૂષિત તાજા ફળ અથવા પાણી દ્વારા ફેલાય છે.

# આસામમાં સીઆરપીએફ અધિકારીનો બે સાથીદારોની ગોળી મારીને હત્યા કર્યા બાદ આપઘાત

## ઘટના બાદ સીઆરપીએફ કેમ્પમાં સુરક્ષા વધારી દેવામાં આવી

ગોવાહાટી,

આસામના નાગાંવ જિલ્લામાં, એક સીઆરપીએફ અધિકારીએ તેના બે સાથીદારોને ગોળી મારીને હત્યા કરી અને બીજાને ઘાયલ કર્યા. ત્યારબાદ સીઆરપીએફ અધિકારીએ પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આખી ઘટનાથી કેમ્પમાં ગભરાટ ફેલાયો.

વધુ વિગતો આપતાં, નાગાંવના નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) પરિમિતા સરકારે જણાવ્યું હતું કે આ ઘટના સવારે ૭ વાગ્યે કટિમારીમાં ૩૪ બટાલિયન કેમ્પમાં બની હતી જ્યારે મુખ્ય દરવાજા પર ફરજ બજાવતા એએસઆઈ/જીડી બલ્લાની પ્રેમાબરમે પોતાના સાથીદારો પર ગોળીબાર કર્યો હતો.

ડીએસપીએ જણાવ્યું હતું કે એસએસઆઈએ પછી પોતાને ગોળી મારી દીધી હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અન્ય બે સૈનિકો, ઉંફ/ધ્ઢ વિષ્ણુ પ્રસાદ બઘેલ અને જીં/ધ્ઢ રામનવલ સિંહ યાદવનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પરમિતા સરકારે જણાવ્યું હતું કે આ ઘટનામાં સીઆરપીએફના અન્ય સૈનિક, એએસઆઈ/માણે ગોવિંદ શ્રીપુલ ઘાયલ થયા હતા. તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમની સારવાર ચાલી રહી છે. તેમણે કહ્યું કે વરિષ્ઠ સીઆરપીએફ અને પોલીસ અધિકારીઓ કેમ્પ પહોંચી ગયા છે અને તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

મૃતક સીઆરપીએફ એએસઆઇ બલ્લાની પ્રેમાબરમે પોતાના સાથીદારો પર ગોળીબાર કરવાનું કારણ હજુ સ્પષ્ટ નથી. ગોળીબાર કરનાર સૈનિકે પોતે પણ આત્મહત્યા કરી લીધી છે. આનાથી એ સવાલો ઉભા થાય છે કે તેણે અચાનક ગોળીબાર કરવાનું કારણ શું હતું. સીઆરપીએફ અધિકારીઓ અને પોલીસ ટીમો આ બધા પાસાઓની તપાસ કરી રહી છે.

આ ઘટના બાદ, સીઆરપીએફ કેમ્પમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અન્ય સીઆરપીએફ કર્મચારીઓ પણ સતર્ક છે.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા, ભૂતપૂર્વ રાજ્યપાલ અને શિક્ષણવિદ ડીવાય પાટિલનું અવસાન

નવી દિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા, પશ્ચિમ બંગાળ અને બિહારના ભૂતપૂર્વ રાજ્યપાલ અને જાણીતા શિક્ષણવિદ ડી.વાય. પાટીલનું મંગળવારે ૯૦ વર્ષની વયે અવસાન થયું, એમ પરિવારના સૂત્રોએ જણાવ્યું હતું. પાટીલે મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા.

૨૨ ઓક્ટોબર, ૧૯૩૫ ના રોજ જન્મેલા ડી.વાય. પાટીલે તેમના પ્રતિષ્ઠિત જાહેર જીવન દરમિયાન ત્રિપુરા, બિહાર અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. જાહેર સેવા, શિક્ષણ અને સામાજિક કલ્યાણમાં તેમના યોગદાન માટે તેમનું વ્યાપકપણે સન્માન કરવામાં આવતું હતું.

શિક્ષણ ક્ષેત્ર અને રાજ્ય નેતૃત્વમાં ડી.વાય. પાટીલનું યોગદાન

જ્ઞાનદેવ યશવંતરાવ પાટીલ ડી.વાય. પાટીલ ગ્રુપના સ્થાપક હતા, જેમના નેતૃત્વ હેઠળ સમગ્ર ભારતમાં શૈક્ષણિક અને આરોગ્યસંભાળ સંસ્થાઓનું વિશાળ નેટવર્ક સ્થાપિત થયું હતું. આ જૂથમાં આજે ૧૮૨ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ, સાત યુનિવર્સિટીઓ અને અનેક અત્યાધુનિક આરોગ્યસંભાળ સુવિધાઓનો સમાવેશ થાય છે, જે તેને દેશની અગ્રણી ખાનગી શિક્ષણ અને આરોગ્યસંભાળ સંસ્થાઓમાંની એક બનાવે છે.

ભારતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્થા નિર્માણમાં તેમના યોગદાન માટે તેમને વ્યાપકપણે ઓળખવામાં આવ્યા હતા.

# સાઉદી અરેબિયાના નજરાન એરપોર્ટ પર હુમલાની જવાબદારી આતંકવાદી જૂથ હુથીઓએ સ્વીકારી

યુનાઈટેડ સ્ટેટ્સ

પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે થયેલા વિક્ષેપ વચ્ચે, યમનના આતંકવાદી જૂથ, હુથીઓએ દાવો કર્યો છે કે તેમણે સાઉદી અરેબિયાના નજરાન એરપોર્ટ પર હુમલો કર્યો હતો.

ઈરાન સમર્થિત પ્રોક્સી જૂથના નિવેદનને ટાંકીને, AFP અને રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે જૂથે સાઉદી એરપોર્ટને નિશાન બનાવ્યું હતું. જૂથ તરફથી ટેલિગ્રામ પર જારી કરાયેલા એક નિવેદનમાં "સંવેદનશીલ સ્થળ" પર ડ્રોન હુમલાની પુષ્ટિ કરવામાં આવી છે.

હુથી લશ્કરી પ્રવક્તા યાહ્યા સાડીના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેઓએ "ડ્રોનનો ઉપયોગ કરીને નજરાન એરપોર્ટ પર સાઉદી દુશ્મનના સંવેદનશીલ લક્ષ્યને સફળતાપૂર્વક નિશાન બનાવ્યું હતું," અને ઉમેર્યું હતું કે દક્ષિણ એરપોર્ટ પર હુમલો "સાઉદી દુશ્મન દ્વારા સાદા અને હજ્જાહ ગવર્નરેટ પર ડ્રોનનો ઉપયોગ કરીને હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘનના જવાબમાં" હતો.

સાઉદી અરેબિયા રાજ્ય તરફથી ટિપ્પણીની રાહ જોવાઈ રહી છે. યમનના આતંકવાદી જૂથે દાવો કર્યો હતો કે રિયાધે ઈરાનના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની અંતિમયાત્રા પછી હુથી નેતાઓને પાછા ફરતા અટકાવવા માટે સનામાં તેના એરપોર્ટ પર હુમલો કર્યો હતો, ત્યારબાદ હુથીઓ અને સાઉદી અરેબિયા વચ્ચે તણાવ ફરી શરૂ થયો.

આ ઉગ્રતા પછી, જે ૨૦૨૨ ના યુદ્ધવિરામ પછી આ પ્રકારનું પ્રથમ ઉદાહરણ પણ છે, હુથીઓએ સાઉદીની રાષ્ટ્રીય તેલ કંપની અરામકોની માલિકીની સુવિધાઓ પર હુમલો કર્યો છે.

હુથીઓના હુમલાઓને કારણે જાઝાન ઉત્પાદન પ્લાન્ટ પણ બંધ થઈ ગયો છે, જે યુએસ-ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા વિક્ષેપ વચ્ચે રિયાધ માટે મોટો આંચકો હતો.

હુથીઓએ બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાંથી પસાર થતા સાઉદી સાથે જોડાયેલા વાણિજ્યિક જહાજોને અવરોધિત કરવાની જાહેરાત કર્યા પછી તણાવ વધુ વધ્યો.

# ત્રિષા પર અભદ્ર ટિપ્પણી કરવાના કેસમાં ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિનની ધરપકડ

## અભિનેત્રી ત્રિશા અને મુખ્યમંત્રી વિજય વિશે કથિત અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ઉદયનિધિ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી

ચેન્નાઇ,

ચેન્નાઈ પોલીસે ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનની ધરપકડ કરી છે. તમિલનાડુ પોલીસ તેમને તેમના ઘરેથી લઈ ગઈ. અગાઉ, વિપક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિનના નિવાસસ્થાનની બહાર કડક સુરક્ષા વ્યવસ્થા તોડવાનો પ્રયાસ કરી રહેલા ડીએમકે કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. નોંધનીય છે કે ઉદયનિધિ સ્ટાલિનને એક રેલીમાં અભિનેત્રી ત્રિશા વિરુદ્ધ કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીના સંદર્ભમાં અટકાયતમાં લેવામાં આવ્યા છે. ત્રિશા વિરુદ્ધ કરેલી ટિપ્પણી બાદ સ્ટાલિન ટીકાનો સામનો કરી રહ્યા છે. વધારાના પોલીસ કમિશનર નરેન્દ્રન નાયરે પુષ્ટિ આપી હતી કે મુખ્યમંત્રી વિજય વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ઉદયનિધિ સ્ટાલિન સામે એફઆઈઆર દાખલ કરવામાં



આવી છે. ડીએમકે નેતા અને વિપક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિનને પોલીસે તેમના ચેન્નાઈના ઘરેથી લઈ ગયા હતા અને અટકાયત બાદ તેમની ધરપકડ કરવામાં આવી છે. અભિનેત્રી ત્રિશા અને મુખ્યમંત્રી વિજય વિશે કથિત અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ઉદયનિધિ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ગઈકાલે તેમની રેલીમાં અભિનેત્રી ત્રિશા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ડીએમકે સમર્થકોએ ઉદયનિધિને એસ્કોર્ટ કરતી ઈસીઆર રોડને બ્લોક કરી દીધો છે અને પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે, જ્યારે પોલીસ બધાને રસ્તા પરથી દૂર કરી રહી છે.

તમિલનાડુ વિધાનસભામાં વિપક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલિન દ્વારા અભિનેત્રી ત્રિશા વિશે કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી સામે શાસક ટીવીકેએ વિરોધ પ્રદર્શનની ધમકી આપી હતી. ચેન્નાઈમાં સ્ટાલિનના નિવાસસ્થાન બહાર સુરક્ષા વધારી દેવામાં આવી છે. અહેવાલો દર્શાવે છે કે સ્ટાલિનને ચેન્નાઈથી તંજાવુર લઈ જવામાં આવી રહ્યા છે, જ્યાં ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

# યુપીઃ સંઘ, સંગઠન અને સર્વેક્ષણોની કસોટીઓ પાસ કરો તો જ ટિકિટની આશા રાખી શકાશે

## ભાજપમાં વિધાનસભા ટિકિટ ફક્ત એજન્સી સર્વેક્ષણોના આધારે આપવામાં આવશે નહીં

લખનૌ,

ભાજપમાં વિધાનસભા ટિકિટ મેળવવા માટે, ઉમેદવારોએ એક કે બે નહીં, પરંતુ ત્રણ પરીક્ષણો પાસ કરવા પડશે. એજન્સી સર્વેક્ષણો અને સંઘ અને સંગઠનની કસોટીઓ પાસ કર્યા પછી જ ટિકિટની તેમની આશા પૂર્ણ થશે. ત્રણેય ધોરણોને પૂર્ણ કરવા જરૂરી છે. હાલમાં, એજન્સીઓ દ્વારા ત્રણ સર્વેક્ષણો કરવામાં આવ્યા છે.

૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં છ જિલ્લા બેઠકો માટે દરરોજ નવા ભાજપ ટિકિટ દાવેદારો બહાર આવી રહ્યા છે. ભાજપ દ્વારા એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા ત્રણ સર્વેક્ષણોમાં, છ બેઠકોમાંથી દરેક માટે ૨૦ નામો સૌથી વધુ ચર્ચામાં હતા. આ સર્વેક્ષણો પછી, નવા દાવેદારોની સંખ્યા વધવા લાગી છે, જેમાં લગભગ એક ડઝન નવા નામો બહાર આવ્યા છે. આમાં બિલારી, ઠાકુરદ્વારા અને કંઠ મતવિસ્તારમાંથી બે-બે અને ગ્રામીણ બેઠકમાંથી ચારનો સમાવેશ થાય છે. વધુમાં, શહેરી બેઠક માટે દાવેદારોની સંખ્યામાં પણ વધારો થયો છે. આગામી દિવસોમાં ટિકિટ દાવેદારોની સંખ્યામાં વધુ વધારો થવાની ધારણા છે.

ભાજપ ટિકિટ દાવેદારોએ વિધાનસભા ટિકિટ મેળવવા માટે ત્રણ અલગ-અલગ પરીક્ષણો પાસ કરવા પડશે. આ ત્રણ પરીક્ષણો સંગઠનો, સંગઠનો અને એજન્સીઓ દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણો છે. આ ભાજપની અંદર ત્રણ ટિકિટ વિતરણ ચેનલો છે, જે વિવિધ સ્તરે કાર્યરત છે. રાજ્ય નેતૃત્વ આ ત્રણ સ્તરોના અહેવાલો એકત્રિત કરે છે.આ પછી, ભાજપ કેન્દ્રીય સંસદીય બોર્ડ ઉમેદવારોના નામો પર અંતિમ નિર્ણય લે છે. જોકે, હાલમાં જિલ્લા સ્તરે અરજીઓ સ્વીકારવામાં આવી રહી નથી. બે સર્વે હજુ બાકી છે, જ્યારે સંઘ દ્વારા એક ગુપ્ત સર્વે ચાલુ છે.જિલ્લા સ્તરે અરજીઓ લેવામાં આવે છે. આ અરજીઓ પ્રદેશ પ્રમુખને મોકલવામાં આવે છે, જેમની પાસેથી દરેક વિધાનસભા મતવિસ્તારમાંથી ત્રણ અગ્રણી નામો રાજ્ય સંગઠન મંત્રીને મોકલવામાં આવે છે.

આરએસએસ સ્તરે પણ એક સર્વે હાથ ધરવામાં આવે છે. આ એક ગુપ્ત સર્વે છે. વિભાગ પ્રચારક સર્વેમાં ત્રણ અગ્રણી નામોનો સમાવેશ કરે છે, જે પ્રાદેશિક પ્રચારકને મોકલવામાં આવે છે. પ્રાદેશિક પ્રચારક તેમના સ્તરથી માહિતી એકત્રિત કરે છે અને આ નામો પ્રાંતીય પ્રચારકને મોકલે છે. પક્ષ એજન્સી સ્તરે એક સર્વે કરે છે. આ સર્વે વિવિધ સ્તરે ચારથી પાંચ તબક્કામાં કરવામાં આવે છે. એજન્સી જનતા પાસેથી નામો એકત્રિત કરે છે અને પક્ષ દ્વારા રજૂ કરાયેલા નામો પર જાહેર અભિપ્રાય પણ એકત્રિત કરે છે. એજન્સી પોતાનો અહેવાલ રાજ્ય નેતૃત્વને સુપરત કરે છે. ત્રીજા સર્વે પછી દાવેદારોની સંખ્યામાં વધારો થયો.

# દ્વારકા જિલ્લામાં ખાનગી કંપનીઓમાં કોપર વાયરની ચોરી કરનાર સાત તસ્કરો ઝડપાયા

## રોકડ રકમ, એક વાહન સહિત રૂ. ૯.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો



દ્વારકા : દ્વારકા જિલ્લા સ્થિત આર. એસ. પી. એલ. કંપનીમાંથી એલ્યુમિનિયમ અને કોપર વાયરના જથ્થાની ચોરીનો જિલ્લાની એલસીબી પોલીસે ભેદ ઉકેલી એક વાહનના ચોરીનો મુદ્દામાલ ભરીને લઈ જતા સાત શખ્સને ઝડપી લઇ કેબલ વાયર તથા રોકડ રકમ અને વાહન સહિત કુલમળી રૂ. ૯.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો જયારે ઝડપાયેલા શખ્સોને આગળની કાર્યવાહી માટે દ્વારકા પોલીસ મથકે સોંપી દેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર તાજેતરમાં ઘડી કંપનીના પ્રોજેક્ટ સ્ટોર્સમાં રાખેલ અલગ - અલગ પ્રકારના એલ્યુમિનિયમ અને કોપર વાયર તથા અન્ય સ્થળે આવેલ પવનચક્કીના સોલાર પ્લાન્ટમાંથી કોઈ તસ્કરો વાયરોની ચોરી કરી લઈ ગયાની સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા દ્વારકા જિલ્લાની એલસીબી પોલીસે તપાસમાં ઝંપલાવી તસ્કરોની હ્યુમન સોર્સ અને ટેકનોલોજીની મદદથી ભાળ મેળવવા કમ્મર કસી હતી દરમિયાન બાતમી મળેલ કે કેટલાક શખ્સ સુપર કેરી વાહનમાં કેબલ વાયર ભરી ખંભાળિયા - પોરબંદર હાઈવે પરથી જામનગર વેંચવા જતા હોઈ આથી પોલીસે ત્યાં દોડી જઈ તલાસી લેતા તેમાંથી ચોરાઉ વાયરનો જથ્થો મળી આવતા રણજીત નાથાભાઈ વાઘેલા, વિજય રાજુભાઈ વાઘેલા, રામ રાજુભાઈ સોલંકી, મનસુખ ઝવેરભાઈ સોલંકી, કરણ જેન્તીભાઈ સોલંકી, અનિલ મનસુખભાઈ સોલંકી અને મહેશ નાનજીભાઈ વઢીયાર નામના સાત શખ્સને ઝડપી લઈ રૂ. ૨.૪૩ લાખની કિંમતનો કોપર વાયર તથા રૂ. ૪.૭૨ લાખની રોકડ રકમ તથા રૂ. ૨ લાખની કિંમતનું જી. જે. ૩૭. ટી. ૬૮૮૬ નંબરનું કેરી વાહન સહિત કુલમળી રૂ. ૯.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પૂછપરછમાં જાણવા મળેલ કે આરોપીઓ રાત્રિના સમયે વાહન લઇ સ્થળ પર જતા હતા અને ત્યાં કંપનીની ફેન્સીંગવાળી દિવાલ કૂદીને કંપનીમાં રહેલ વાયરના ફીંડલાને તણી અને કટ્ટર વડે કાપી બાદ વાહનમાં મુદ્દામાલની ચોરી કરી લઈ જતા હતા ત્યારે અન્ય કોઈ વધુ જગ્યાએથી ચોરી કરી છે કે કેમ ? તે અંગેની પણ પોલીસે તપાસ હાથ ધરી છે.

# ધ્રોલમાં ટેન્કરમાંથી પેટ્રોલ-ડીઝલની ચોરીનો પર્દાફાશ

## બ્રેજા કાર, મોબાઈલ અને ઈંધણ સહિત રૂ. ૩૨.૪૯ લાખનો મુદ્દામાલ સાથે બે શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસ સ્ટેશન ની પોલીસ ટિમને મળેલી બાતમીના આધારે ગોકુલપર ગામના મંદિરવાળી શેરી નજીક ખુલ્લા પ્લોટમાં દરોડો પાડતાં ટેન્કરમાંથી ગેરકાયદેસર રીતે પેટ્રોલ અને ડીઝલ કાઢી વેચાણ માટે કેરબામાં ભરતા બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૩૨,૪૯,૪૯૯નો મુદ્દામાલ કબજે કરી બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ધ્રોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ લતીપર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી બાતમીના આધારે ગોકુલપર ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં ટેન્કરનું સીલ તોડી પ્લાસ્ટિકની પાઈપ મારફતે બ્રેજા કારમાં રાખેલા પ્લાસ્ટિકના કેરબામાં પેટ્રોલ અને ડીઝલ ભરાતું જોવા મળ્યું હતું. જેથી પોલીસે મથુરભાઈ રામભાઈ બાલસરા (ઉ.વ. ૨૮, રહે. વિદ્યુતનગર, મોરબી) અને સોમાભાઈ વકુભાઈ નાગેશ (ઉ.વ. ૪૦, હાલ રહે. પડાણા, તા. લાલપુર, મૂળ રહે. દાત્રાણા, દેવભૂમિ દ્વારકા)ની અટકાયત કરી હતી.

દરોડા દરમિયાન જી.જે. -૭- વાય.ઝેડ ૪૦૦૪ નંબરનું ટેન્કર, જી.જે. -૩૬ આર. - ૬૪૧૯ નંબરની બ્રેજા કાર, આશરે ૮૦ લિટર ડીઝલ, ૪૦ લિટર પેટ્રોલ, પ્લાસ્ટિકની પાઈપ, સીલ તોડવાનું કટીંગ પકડ, બે મોબાઈલ ફોન તેમજ ટેન્કરમાં રહેલું ઈંધણ સહિત કુલ રૂ. ૩૨,૪૯,૪૯૯નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ટેન્કરમાં આશરે ૯,૯૬૦ લિટર પેટ્રોલ અને ૯,૯૨૦ લિટર ડીઝલ હોવાનું તેમજ તેનું બિલ મુજબનું મૂલ્ય લાખોમાં હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં એપાર્ટમેન્ટના ચોથા માળની બાલ્કની પરથી નીચે પટકાતા પરિણીતાનું મોત

જામનગર : જામનગર શહેરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલ કંચનદીપ એપાર્ટમેન્ટમાં રહેતી એક પરિણીતાનું ચોથા માળની બાલ્કની પરથી નીચે પટકાતા કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે સિટી બી. ડિવિઝન પોલીસે અકસ્માત મોત નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના પટેલ કોલોની, વિકાસગૃહ રોડ પર આવેલી કંચનદીપ એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૪૦૧માં રહેતા નિકિતાબેન વત્સલભાઈ પટ્ટણી જાતે સોની નામની ૨૫ વર્ષીય મહિલા ગઈકાલે બપોરના સમયે એપાર્ટમેન્ટના ચોથા માળની બાલ્કનીમાંથી નીચે પડી જતાં ગંભીર ઈજા પામ્યા હતા. તેમને તાત્કાલિક જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના પતિ વત્સલભાઈએ પોલીસને જાણ કરતા સિટી બી ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી પોસમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર મામલામાં પીએસઆઇ જે.એસ. ગોવાણી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જામ્યુકોમાં ૩૦ અધિકારી, કર્મચારીઓની આંતરિક બદલી



જામનગર : જામનગર મહાનગરપાલિકામાં આંતરિક વહીવટી ફેરબદલનો દોર શરૂ થયો છે. મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાના આદેશથી અંદાજે ૩૦ અધિકારીઓ અને કર્મચારીઓની આંતરિક બદલીના હુકમો કરવામાં આવ્યા છે. આ બદલીઓમાં વિવિધ ઝોન અને શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ તથા કર્મચારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ખાસ કરીને નાયબ ઈજનેર, જુનિયર ઈજનેર અને વર્ક આસિસ્ટન્ટના વિભાગોમાં નોંધપાત્ર ફેરબદલ કરવામાં આવ્યો છે. વિવિધ ઝોન અને બ્રાંચોમાં અધિકારીઓની બદલી થતાં વહીવટી કામગીરીમાં નવી ગતિ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ, આ તો આંતરિક બદલીઓનો પ્રથમ તબક્કો છે. આગામી દિવસોમાં પણ કમિશનર દીપેશ કેડિયા દ્વારા કામગીરીના મૂલ્યાંકનના આધારે વધુ કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓની આંતરિક બદલીઓ કરવામાં આવે તેવી ચર્ચા મહાનગરપાલિકાના વર્તુળોમાં ચાલી રહી છે. તાજેતરના આ ફેરબદલને મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે અને આગામી દિવસોમાં વધુ ફેરબદલીના હુકમો કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગરમાં અઢી લાખની સામે રૂ. ૮.૧૨ લાખ વ્યાજખોરે પડાવી લીધા છતાં યુવાનને ધમકી

જામનગર : જામનગરમાં વ્યાજખોરીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના મયુરનગર વિસ્તારમાં રહેતા ઉમેશભાઈ રામલાલ મોરીયાએ પાડોશમાં જ રહેતા વ્યાજખોર ખુમાનસિંહ રણજીતસિંહ જાડેજા પાસેથી વ્યાજે લીધેલ રકમનું અનેકગણું વ્યાજ આપી દીધા છતાં મુદલ રકમ કરતાં રાક્ષસી વ્યાજ વસૂલવા તથા કોરા ચેક પરત ન આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરના મયુરનગરમાં રહેતા ઉમેશભાઈ રામલાલ મોરિયાએ

કોરોના મહામારી દરમિયાન વર્ષ ૨૦૨૧માં પોતાનો પરિવાર કોરોનાની બીમારીમાં સપડાયો હતો, અને આર્થિક સંકટને કારણે ખુમાનસિંહ પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ. ૨.૫૦ લાખ ઉધાર લીધા હતા. આ રકમ પર માસિક ૧૦ ટકા વ્યાજ નક્કી થયું હતું અને બદલામાં એસબીઆઈ બેંકના ત્રણ કોરા ચેક આપવામાં આવ્યા હતા.

ઉમેશભાઈના જણાવ્યા અનુસાર, તેમણે દર મહિને વ્યાજની રકમ ચૂકવતા ચૂકવતા એસબીઆઈ અને બેંક ઓફ બરોડાના ખાતાઓ મારફતે કુલ રૂ. ૮.૧૨ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

તેમ છતાં આરોપીએ હજુ રૂ. ૧.૪૦ લાખ બાકી હોવાનું કહી ત્રણેય ચેક પરત આપવાનો ઈનકાર કર્યો હતો અને રૂપિયા નહીં આપે તો પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

જેથી ઉમેશભાઈએ ફરિયાદ નોંધાવતા સીટી સી. પોલીસે ખુમાનસિંહ રણજીતસિંહ જાડેજા સામે વ્યાજખોરી અને ચક્રવૃદ્ધિ વ્યાજ વસૂલવાના અંગે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ તનુભાઈ હરિભાઈ ચાવડાને સોંપી છે.

# કાલાવડના નાની નાગાજાર ગામે પત્ની ચાલી જતા પતિએ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની નાગાજાર ગામે પત્ની પિયર જતી રહેતાં મનમાં લાગી આવતાં પતિએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ છોટી ઈટારા (જિલ્લો ઝાબુઆ)ના રહેવાસી અને હાલ કાલાવડ તાલુકાના નાની નાગાજાર ગામે રહેતો કરણ લક્ષમણભાઈ બાંભળીયા નામના ૨૫ વર્ષીય યુવાનની પત્ની તેમના પિતા સાથે રહેવા જતી રહી હતી.

આથી કરણને મનમાં લાગી આવતા તેમને ગત તા. ૧૩ જુલાઈના રોજ ઝેરી દવા પી લેતા તેમને પ્રથમ સ્થાનિક હોસ્પિટલ ખસેડેલ ત્યાર બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાઇ જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ દિલીપભાઈ લક્ષ્મણભાઈ બાંભણીયાએ પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં વરુણદેવને રીઝવવા હાટકેશ્વર મહાદેવ મંદિરે વિશેષ જળદર્શન યોજાયા



જામનગર : જામનગર શહેરમાં વરસાદ માટે પ્રાર્થના સ્વરૂપે નાગર સમાજના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવ મંદિર, હવાઈ ચોક ખાતે ગઈકાલે વિશેષ જળદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જળદર્શન દરમિયાન ભગવાન હાટકેશ્વર મહાદેવને વિશેષ જળાભિષેક અર્પણ કરવામાં આવ્યો હતો અને સારા વરસાદ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

આ ધાર્મિક આયોજનમાં મોટી સંખ્યામાં નાગર સમાજના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

ભાવિકોએ ભગવાન હાટકેશ્વર મહાદેવના દર્શન કરી રાજ્ય તથા સમગ્ર વિસ્તારમાં સારો વરસાદ વરસે અને સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે તેવી પ્રાર્થના કરી હતી.

મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લેવા ઉમટી પડ્યા હતા.

# શાપર પાસે બસે ડિવાઈડર ઓળંગી બાઈકને હડફેટે લેતાં ચાલકનો પગ ભાંગ્યો

જામનગર : જામનગર તાલુકાના નાઘેડી ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં ડ્રાઈવર તરીકે કામ કરતા એક યુવાન પોતાના બાઈક જતો હતો ત્યારે એક ખાનગી બસના ચાલકે બસ ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાનને પગમાં ઈજાઓ થતા બસ ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ નાઘેડી ગામે રહેતા અને ખાનગી કંપનીમાં ડ્રાઈવિંગ કામ કરતા અરજણભાઈ માલદેભાઈ જોગણી નામનો ૪૧ વર્ષીય યુવાન પોતાની ગત તા. ૩૧ જુલાઈના હીરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક લઈને રિલાયન્સ કંપનીના શાપર ગેટથી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન શાપર પાટિયા નજીક ખંભાળિયા તરફથી આવેલી ખાનગી બસ નાં જી.જે. ૧૬- એ.વી. ૬૪૭૮ ના ચાલકે બેફિકરાઈપૂર્વક બસ હંકારી ડિવાઈડર ઓળંગી શાપર ગામ તરફના રસ્તા પર ચઢાવી તેમની મોટરસાયકલને ટક્કર મારી હતી.

જેથી અરજણભાઈ રોડ પર પટકાયા હતા અને બસની આગળની નંબર પ્લેટ નીચે તેમનો ડાબો પગ આવી જતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમના ભાઈ લાખાભાઈ તેમને જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા, બાદમાં તેઓ ગુલાબનગર સ્થિત ડિવાઈન હોસ્પિટલમાં દાખલ થયા હતા, જ્યાં તેમના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ બનાવ અંગે અરજણભાઈએ બસના ચાલક સામે બેફિકરાઈથી વાહન હંકારી અકસ્માત સર્જ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દડીયા ગામે સાક્ષી બનવાના પ્રશ્ને એસઆરપીના કોન્સ્ટેબલે યુવાનને ધાક-ધમકી આપી

## 'હું પોલીસમાં છું, મારું કોઈ કંઈ નહીં બગાડી શકે' કહી ગાળો આપી યુવાનને ધમકાવ્યો

જામનગર : જામનગર તાલુકાના દડીયા ગામમાં અગાઉની પોલીસ ફરિયાદમાં સાક્ષી આપવાનો ખાર રાખીને ચેલા એસઆરપીના પોલીસ કોન્સ્ટેબલે યુવકને રસ્તામાં રોકી તેના ભાઈ તથા ગામના સરપંચને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ સામે આવ્યો છે. જે બનાવ અંગે યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ દડીયા ગામે રહેતા જયેશભાઈ માતંગ પોતાની દીકરી વૈદાંશીને શાળાએ મૂકી બપોરે ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગામની દૂધ ડેરી પાસે ચેલા એસઆરપીમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભરતભાઈ ખેતાભાઈ ડણેચાએ તેમની ગાડી અટકાવી હતી. ત્યારબાદ તેમના ભાઈ હીરેન્દ્રભાઈએ ગામના સરપંચ દ્વારા કરાયેલી ફરિયાદમાં સાક્ષી કેમ આપી તે મુદ્દે ઉશ્કેરાઈ ગાળો આપી હતી. સાથે જ સરપંચ અને હીરેન્દ્રભાઈને ગામમાંથી કાઢી મૂકવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપીએ "હું પોતે (એસ.આર.પી.) પોલીસમાં છું, પોલીસ મારું કંઈ નહી કરે, ચોવીસ કલાકમાં છૂટી જઈશ" જેવા શબ્દો ઉચ્ચારી ઉપરાંત હાઈકોર્ટના ધક્કા ખવડાવવાની અને પોતાની પત્ની મારફતે ખોટી ફરિયાદ કરાવવાની પણ ધમકી આપી હતી.

સમગ્ર ઘટનાના આધારે જયેશભાઈ માંતગની ફરિયાદ પરથી પંચકોષી બી. ડિવિઝનના પી.આઈ. વી.જે. રાઠોડ અને તેઓની ટીમે ચેલા એસ.આર.પી. ના કોન્સ્ટેબલ ભરતભાઈ ખેતાભાઈ ડણેચા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ખંભાળિયાના દાત્રાણા ગામના યુવાનનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના દાત્રાણા ગામના એક યુવાનનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. બીજીતરફ મૃતકના પુત્ર દ્વારા આ બનાવની જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાબેના દાત્રાણા ગામે વાડી વિસ્તારમાં રહેતા પીઠાભાઈ ખીમાભાઈ આંબલીયા નામના ૪૫ વર્ષના યુવાનને ગઈકાલે એકાએક છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ હૃદયરોગનો હુમલો આવી જતા તેનું મૃત્યુ નિપજ્યુ હતું આ બનાવ અંગે સ્થાનિક પોલીસ દફતરે મૃતકના દિકરા પરેશભાઈ આંબલીયા દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. એચ. એમ. ચાવડા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# દ્વારકામાં મહિલા સંચાલિત જુગારના અખાડામાં બે મહિલા સહિત પાંચની અટકાયત

## એક લાખ ઉપરાંતની રોકડ, મોબાઈલ અને કાર સહિત રૂ. ૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે

દ્વારકા : દ્વારકામાં એક રહેણાંક મકાનમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી મહિલા સંચાલિત જુગારના અખાડાનો પર્દાફાશ કર્યો હતો જેમાં સંચાલિકા સહિત બે મહિલા અને ત્રણ પુરુષ સહિત પાંચ શખ્સની અટકાયત કરવામાં આવી હતી તેમજ સ્થળપરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને એક કાર સહિત રૂ. ૨.૨૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા શહેરમાં અંબુજાનગર , વ્રજ લકઝરીયસ એપાર્ટમેન્ટમાં રહેતી આશાબેન પ્રકાશભાઈ ચંદારાણા નામની મહિલા પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતી હોય તેવી બાતમીના આધારે સ્થાનિક પોલીસે અત્રે દરોડો પાડી ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી સંચાલિકા આશાબેન ચંદારાણા સહિત મંજુબેન ગોવિંદભાઈ ગોહેલ, પરેશભાઈ મધુભાઈ વાળા, પ્રદીપભાઈ દેવશીભાઈ ઘરસંડા અને પરેશજતી બચુજતી બાવાજી નામના પાંચ શખ્સને ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૧૦૪૩૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૪૬ હજારની કિંમતના ચાર નંગ મોબાઈલ ફોન અને રૂ. ૭૦ હજારની કિંમતની કાર સહિત કુલમળી રૂ. ૨.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ સામે જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખંભાળિયા-જામનગર હાઈવે પર કાર હડફેટે બાઈક ચાલક ઈજાગ્રસ્ત

ખંભાળિયા : ખંભાળિયા - જામનગર હાઈવે પર મોટરસાયકલ ચલાવી પસાર થતાં એક વૃદ્ધને અજાણ્યા કાર ચાલકે હડફેટે લઈ શરીરે નાની - મોટી ઈજા પહોંચાડી નાસી ગયાની સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર તાલુકાના શાપર ગામે રહેતા રૂપાભાઈ ચતુરભાઈ સોલંકી નામના ૬૦ વર્ષના વૃદ્ધ ગત તા. ૨ ના રોજ પોતાનું મોટરસાયકલ ચલાવી ખંભાળિયા હાઈવે પર આવેલ મંદિર પાસેથી પસાર થતાં હોય આ વેળાએ ત્યાંથી પૂરઝડપે નીકળેલા અજાણ્યા કાર ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને ગફલતભરી રીતે ચલાવી તેઓને મોટરસાયકલ સાથે ઠોકર મારી પછાડી દેતા માથામાં, કમરમાં, હાથમાં, વાસામાં ઈજા પહોચતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા બીજીતરફ અકસ્માત સર્જી નાસી જનાર કાર ચાલક સામે રૂપાભાઈ સોલંકીની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે ગુન્હો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી છે.